સુવિચાર

જયાં સુધી તમે તમારામાં વિશ્વાસ કરવાનું નહીં શીખો, ત્યાં સુધી તમે કયારેય સારી વ્યકિત નહીં બનો...


RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



મીરા ઉદ્યોગનગરમાં અંદાજે ૧૨ લાખના દાગીનાની ચોરીઃ થોરાળા પોલીસે આજ દિન સુધી ફરીયાદ ન નોંધતા અનેક તર્કવિર્તક...? P-4

Year-16, Issue-196 ■ DATE : 02-12-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કેન્દ્ર સરકારની સેટેલાઈટ દ્વારા ટોલ ટેક્સ વસુલવાની યોજના હાલ મોકૂફ

**નીતિન ગડકરીના ડ્રીમ પ્રોજેક્ટને ઝટકો!ઃ સેટેલાઈટ દ્વારા ટોલ ટેક્સનો પ્લાન કેમ ખોરવાયો તે અંગે અનેક તર્ક વિર્તકઃ આ નિર્ણય રાષ્ટ્રીય સુરક્ષા અને નાગરીકોની ગોપનીયતાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હોવાનો દાવો**




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારની બહુપ્રતીક્ષિત સેટેલાઈટ દ્વારા ટોલ ટેક્સ વસૂલવાની મહત્ત્વકાંક્ષી યોજના હાલમાં મોકૂફ રાખવામાં આવી છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ વાહનોમાં ટ્રેકિંગ ડિવાઇસ લગાવવાથી જાસૂસીની આશંકા અને સામાન્ય લોકોની વ્યક્તિગત ગોપનીયતા સાથે સમાધાન થવાની ચિંતા છે.

રાષ્ટ્રીય ધોરીમાર્ગોને ટોલ પ્લાઝા મુક્ત કરવા અને 'જેટલું અંતર, તેટલો ટોલ ટેક્સ'ના સિદ્ધાંત પર આધારિત (સેટેલાઈટ આધારિત ટોલ સિસ્ટમ)ને હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આ નિર્ણય રાષ્ટ્રીય સુરક્ષા અને નાગરિકોની ગોપનીયતાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

આ ટૅકનોલૉજી હેઠળ, દરેક વાહનમાં ઓન-બોર્ડ યુનિટ ટ્રેકિંગ ડિવાઇસ લગાવવું ફરજિયાત હતું. તેનાથી વાહનના રૂટ, સ્ટોપેજ, ગતિ અને ગંતવ્ય જેવી માહિતી સતત રૅકોર્ડ થતી રહેતી. અધિકારીના જણાવ્યા અનુસાર, આ ડેટાના દુરુપયોગથી સામાન્ય નાગરિકોના ખાનગી જીવનમાં દખલ અને મૂવમેન્ટની માહિતી લીક થવાનો ખતરો હતો, જે સુરક્ષાની દૃષ્ટિએ ગંભીર જોખમ છે.

સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના સચિવ વી. ઉમાશંકરે જણાવ્યું કે સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન યોજના સ્થગિત કરી દેવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે આ ટૅકનોલૉજીથી વાહનના લોકેશન અને ડ્રાઇવરનો ડેટા ટ્રેક કરવો શક્ય હતો. હવે મંત્રાલય ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન યોજના પર કામ કરી રહ્યું છે, જેમાં કોઈ ડિવાઇસની જરૂર પડશે નહીં.

આ યોજના હેઠળ, હાઇવે પર લગાવેલા કેમેરા નંબર પ્લેટ વાંચીને હાલના ફાસ્ટેગ વોલેટમાંથી સીધી ટોલની રકમ કાપી લેશે. સરકારે અગાઉ બેંગ્લોર-મૈસૂર એક્સપ્રેસવે અને હરિયાણાના કેટલાક ભાગોમાં સેટેલાઈટ ટોલ સિસ્ટમનો ટ્રાયલ કર્યો હતો. જોકે, ગોપનીયતાની ચિંતાઓને કારણે આ યોજનાને હાલ પડતી મૂકાયાની ચર્ચા છે.


## પાકિસ્તાન ફરી ભડકે બળવાના એંધાણઃ ઈમરાનખાનના સમર્થકોનું પ્રદર્શન

**મુખ્ય સમાચાર, કરાચી**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી, પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ દ્વારા આપવામાં આવેલા 'ચલો અડિયાલા'ના આહ્વાન બાદ પેશાવર, લાહોર, ફૈસલાબાદ અને હરિપુરથી સમર્થકોના કાફલા રાવલપિંડી તરફ આગળ વધવાનું શરૂ કરી દીધું છે. ના સમર્થકો રાવલપિંડીની અડિયાલા જેલમાં બંધ ઈમરાન ખાનની તાત્કાલિક મુક્તિની માગણી સાથે આજે પ્રદર્શન કરી રહ્યા છે, જેનું એલાન ખૈબર-પખ્તુનખ્ખાના મુખ્યમંત્રી સોહેલ અફરીદીએ કર્યું છે. ઈમરાન ખાનના મૃત્યુની સતત અફવાઓ અને અશાંતિ ફેલાવવાની આશંકાઓ વચ્ચે, સરકારે રાવલપિંડીમાં કલમ ૧૪૪ લાગુ કરી દીધી છે અને જાહેર મેળાવડા પર સખત પ્રતિબંધ મૂક્યો છે.

### Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૭/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૬/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૦,૨૫૦ | ₹૧,૮૮,૦૦૦ |
| | -૨૮૦ | ૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૭૭ | ₹૧૧૮.૬૯ |

## સંસદમાં સંચાર સાથી અને SIR મુદ્દે ઘમાસાણ, રાજ્યસભા-લોકસભા બે વાગ્યા સુધી સ્થગિત



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

સંસદમાં આજે બીજા દિવસે પણ હોબાળાની સ્થિતિ જોવા મળી રહી છે. મુદ્દે વિપક્ષ ચર્ચાની માગ પર અડગ છે. આ સાથે સરકારના વલણને જોતાં વિપક્ષના સાંસદોએ રાજ્યસભા અને લોકસભા બંનેમાં નારેબાજી કરવાનું ચાલુ રાખ્યું હતું.

એસઆઈઆર પર ચર્ચાની માગ સાથે વિપક્ષે જોરદાર હોબાળો યથાવત્? રાખતા લોકસભાની કાર્યવાહી આગળ વધી શકી ન હતી. જેના પગલે સભાપતિએ બે વાગ્યા સુધી ગૃહને સ્થગિત કર્યાની જાહેરાત કરી હતી. લોકસભામાં ગતિરોધ વચ્ચે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે અમે વિપક્ષ સાથે ચર્ચા કરી રહ્યા છીએ. સૌની વાત સાંભળીશું. ચૂંટણી સુધારા હોય કે કોઈપણ મુદ્દો હોય, પીછેહઠ નહીં કરવામાં આવે. સંસદમાં હોબાળો અને નારેબાજી ઠીક નથી. રાજ્યસભામાં પણ વિપક્ષે ભારે હોબાળો મચાવતા સભાપતિ સી. પી. રાધાકૃષ્ણને રાજ્યસભાની કાર્યવાહી બે વાગ્યા સુધી સ્થગિત કરી દીધી હતી.વિપક્ષ દ્વારા લોકસભામાં હોબાળા વચ્ચે કાર્યવાહી ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. જોકે પછીથી ફરી શરુ કરવામાં આવી હતી.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે સંચાર સાથી એપ ભારતીય નાગરિકોની જાસૂસી કરવા માટેનો હથિયાર ગણાવ્યો હતો. આજે બીજા દિવસની કાર્યવાહી શરુ થાય તે પહેલા જ સંસદ બહાર વિપક્ષના સાંસદોએ મુદ્દે દેખાવો કરીને ઈરાદા સ્પષ્ટ કરી દીધા હતા. જોકે સંસદમાં કાર્યવાહી શરુ થતાં જ ફરી એકવાર હોબાળો શરુ થઈ ગયો છે. મુદ્દે ચર્ચાની માગ વચ્ચે સરકાર દ્વારા સંચાર સાથી એપને મોબાઈલમાં પ્રિ ઈન્સ્ટોલ કરાવવા અને ડીલિટ ન થવા દેવાની નવી કવાયતથી મામલો વધુ બીચક્યો છે. વિપક્ષે આ મુદ્દે પણ સરકારને ઘેરવાનું શરુ કરી દીધું છે.

## રશિયન પ્રમુખ પુટીનના આગમનનું કાઉન્ટડાઉન શરૂ

### સૌથી મોટા સંરક્ષણ સોદાની તૈયારી




**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીનની ગુરૂવારથી શરૂ થઈ રહેલી બે દિવસની ભારત યાત્રા પુર્વે મોસ્કોથી દિલ્હી સુધી જબરો ડિપ્લોમેટીક ધમધમાટ છે અને ભારત રશિયા પાસેથી સુખોઈ-૫૭ આધુનિક જનરેશન લડાયક યુદ્ધ જહાજ જેનુ તબકકાવાર ભારતમાં જ ઉત્પાદન થાય તેવા કરાર અને દેશના અવકાશી છત્ર જેવા એસ-૫૦૦ એર ડિફેન્સ સીસ્ટમ સહિતની ખરીદીના કરાર થશે જે બન્ને દેશો વચ્ચેનો સૌથી મોટો સંરક્ષણ સોદો બની રહેશે. સૌથી મહત્વનું એ છે કે આ સોદા પુર્વે પુટીન રશિયન સંસદની મંજુરી મેળવશે.

રશિયાની સંસદનું નીચલું ગૃહ આજે ભારત સાથેના એક મહત્વપૂર્ણ સંરક્ષણ સમજૂતીને મંજૂરી આપવા માટે મતદાન કરશે. આ મતદાન ભારત-રશિયા પરસ્પર લોજિસ્ટિક્સ એક્સચેન્જ પર થશે. આ મતદાન રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત યાત્રા પહેલાં યોજાઈ રહ્યું છે, જેની શરૂઆત ગુરુવારથી થવાની છે.

RELOS સમજૂતીનો હેતુ સંયુક્ત સૈન્ય અભ્યાસ, આપત્તિ રાહત અને અન્ય કાર્યો માટે સંકલનને સરળ બનાવવાનો છે. આ મુખ્ય સંરક્ષણ સમજૂતી પર બે વિશેષાધિકાર પ્રાપ્ત વ્યૂહાત્મક ભાગીદારો વચ્ચે સૈન્ય સહયોગ વધારવાના હેતુથી ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ મોસ્કોમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ હસ્તાક્ષર ભારતીય રાજદૂત વિનય કુમાર અને તત્કાલીન ઉપ સંરક્ષણ મંત્રી એલેક્ઝાન્ડર ફોમિન દ્વારા કરવામાં આવ્યા હતા.

## બંગાળની ખાડીમાં ૪.૨ની તીવ્રતાના ભૂકંપના આંચકા



આજે સવારે ૭-૨૬ વાગ્યે બંગાળની ખાડીમાં ૪.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપની જાનહાની-નુકશાનના હાલ કોઈ અહેવાલ નથી. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ આજે સવારે બંગાળની ખાડીમાં ૪.૨ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર સમુદ્રમાં ૩૫ કિલોમીટરની ઉંડાઈએ હતું. આ ભૂકંપના ઝટકાથી હાલ કોઈ જાનહાની કે નુકશાનના ખબર નથી. બીજી બાજુ હરિયાણામાં પણ મોડી રાત્રે ભૂકંપના હળવા ઝટકા અનુભવાયા હતા. અહીંર રિકટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૨ હતી. આ ઝટકાથી કોઈ નુકસાનીના ખબર નથી.

## બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનું બંગાળના અખાતમાં સફળ પરિક્ષણ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓપરેશન સિંદુર સમયે પાકના અનેક હવાઈ મથકોનો ધ્વંશ બોલાવનાર બ્રહ્મોસ મિસાઈલની સુપર સોનિક ક્રુઝ લાંબા અંતર સુધી પ્રહાર કરી શકાય તે પ્રકારની એડીશનનું આજે સફળ પરિક્ષણ કરાયું હતું. રશિયાની મદદથી તૈયાર કરાયેલ આ મિસાઈલ પરિક્ષણ બંગાળના અખાતમાં કરાયુ હતું.

જેમાં સૈન્યના દક્ષિણ કમાન્ડ અને આંદામાન-નિકોબારમાં જે સેનાની ત્રણેય પાંખોનુ સંયુક્ત કમાન્ડ કંટ્રોલ સેન્ટર છે તેણે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ આધુનિક સુપરસોનિક ક્રુઝ-મિસાઈલ જે આધુનિક ગાઈડેડ એન્ડ કંટ્રોલ સીસ્ટમ ધરાવે છે તે તેના ટાર્ગેટને ધ્વંશ કરવામાં અત્યંત સક્ષમ ગણાય છે.

ભારતે આ મિસાઈલ પરિક્ષણ માટે પાડોશી દેશોને નોટીસ ટુ ચેરમેનની ચેતવણી આપી હતી જેથી પરિક્ષણ સમયે તેની રેન્જમાં કોઈ નાગરિક કે અન્ય વિમાની હવાઈ ડીવાઈન દુર રહ્યા હતા.

વિશાખાપટ્ટનમથી ૩૫૦૦ કી.મી. સુધીની પ્રહાર ક્ષમતાનું પ્રદર્શન કરાયુ હતું. આ લોન્ચીંગ પોઈન્ટ એ ભારતના નૌકાદળ કમાન્ડ અને તેની અણુ સબમરીન મથકથી નજીક જ છે અને એ પણ શંકા છે કે આ પરિક્ષણમાં સબમરીન લોન્ચીંગ પેડનો પણ ઉપયોગ કર્યો છે.

ભારતની આ અણુ સબમરીન બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ વહન કરવા તથા બહાર કરવા સક્ષમ છે. ભારતના આ પરિક્ષણથી ચીન સાવધ થઈ ગયું હતું અને ભારતના આ નવા હથિયારની માહિતી લેવા અને તેના 'રીસર્ચ' જહાજને હિન્દ મહાસાગરમાં તૈનાત કર્યુ હતું.

આ પરિક્ષણ સમયે ચીને ચાર 'રીસર્ચ' જહાજ એક સાથે તૈનાત કર્યા હતા તે સૌથી મહત્વનુ છે. આ આદેશ જહાજ અલગ અલગ રીતે બ્રહ્મોસ સુપરસોનિક મિસાઈલમાં પરિક્ષણની ડેટા વિઝ્યુલ મેળવ્યા હતા.

જો કે આ મિસાઈલને તેના પ્રહાર લક્ષ્ય પર જતા અટકાવવામાં નવી ટેકનોલોજી જરૂરી બનશે. આ મિસાઈલ 'ફેક' સિગ્નલથી દુશ્મન દેશોના રડારને છેતરી શકે છે જેથી તેના જે માર્ગ હોય છે તેનો ચોકકસ અંદાજ આવતો નથી.

## રાજયમાં ગત માસમાં ૩૨.૪૦ કરોડની જીએસટી ચોરી પકડાઈ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દેશમાં નવરાત્રીથી જીએસટી દરોમાં ઘટાડો કરવામાં આવ્યો હતો તે પછી હવે નવેમ્બરમાં ટેકસ આવકમાં ઘટાડો છે. ગુજરાત સરકારની નવેમ્બરની જીએસટી આવક ૬૭૨૩ કરોડ થઈ છે. ગત વર્ષનાં નવેમ્બર કરતા એક ટકો વધુ છે.

જોકે, મહત્વની બાબત એ છે કે, નવેમ્બરમાં જીએસટી વિભાગે દરોડા ઓપરેશન મારફત ૩૨.૪૦ કરોડની ટેકસ ચોરી પકડી હતી. જીએસટીમાં ઘટાડો થવા છતાં ટેકસ ચોરીના કારસ્તાનો ઘટયા ન હોવાની છાપ છે.

નવેમ્બર-૨૦૨૫ સુધીમાં રાજ્યને જીએસટી હેઠળ રૂા. ૫૨,૩૯૦ કરોડની આવક થયેલ છે જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલ આવક રૂા. ૪૮,૦૮૫ કરોડ કરતા ૯% વધુ છે.

નવેમ્બર-૨૦૨૫માં ગુજરાત રાજયને જીએસટી હેઠળ રૂા.૬,૭૨૩ કરોડની આવક થયેલ છે જે નવેમ્બર-૨૦૨૪માં થયેલ આવક રૂા. ૬,૬૫૫ કરોડ કરતા ૧% વધુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નવેમ્બર-૨૦૨૫માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ ૦.૭% રહેલ છે.

રાજ્યને નવેમ્બર-૨૦૨૫માં વેટ હેઠળ રૂા. ૨,૭૦૭ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂા. ૧૦૨૫ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂા. ૧૪ કરોડની આવક થયેલ છે. આમ રાજય કર વિભાગને જીએસટી વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂા. ૧૦,૪૬૯ કરોડની આવક થયેલ છે.

નવેમ્બર-૨૦૨૫માં મોબાઈલ સ્કવોડ દ્વારા અન્વેષણની કામગીરી થકી રૂા. ૩૨.૪૦ કરોડની આવક થયેલ જે ગત વર્ષના સમાન માસ દરમ્યાન થયેલ રૂા.૨૦.૦૩ કરોડ સામે ૬૧.૭% વધારે છે.

## ગુજરાતમાં SIRની ૯૦% કામગીરી પૂર્ણ, ૪૦ લાખ મતદારોના નામ કપાશે




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં મતદાર યાદી સુધારણા (SIR)ની ડિજિટાઇઝેશનની ૯૦ ટકા કામગીરી પૂરી થઈ છે. નવી મતદાર યાદી જારી થશે ત્યારે ગુજરાતમાંથી ૪૦ લાખ જેટલા મતદારોના નામ કપાઈ જાય તેવું ચિત્ર સામે આવી રહ્યું છે. હાલની સ્થિતિ પ્રમાણે ૧૫.૫૮ લાખથી વધુ મૃત્યુ પામેલા મતદારો, ૨૧.૮૬ લાખથી વધુ કાયમી સ્થળાંતરિત જ્યારે ૨.૬૮ લાખથી વધુ મતદારો રિપીટેડ એમ કુલ ૪૦.૧૨ લાખ મતદારોના નામ કમી થશે.

રાજ્યના ૩૩ જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં ૧૦૦% ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં ૧૦૦% વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજિટાઇજેશનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જે પૈકી બે વિધાનસભા મતવિસ્તારમાં ડિજિટાઈજેશનની કામગીરી ૧૦૦% પૂરી થઈ ચૂકી છે. જેમાં બનાસકાંઠાની ધાનેરા બેઠક અને દાહોદની લીમખેડા બેઠકનો સમાવેશ થાય છે.

૨૦૨૫ની મતદાર યાદીમાં નોંધાયેલા ૫ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. ગણતરી દરમિયાન ૧૫.૫૮ લાખથી વધુ અવસાન પામેલા મતદારો મતદારયાદીમાં સામેલ હતા. આ ઉપરાંત ચાર લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર હતા. ૨૧.૬૮ લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું સામે આવ્યું છે.

## અટલ સરોવર પર છ વિમાનોનો દિલધડક એર શો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ભારતીય વાયુસેનાની પ્રખ્યાત 'સૂર્યકિરણ' એરોબેટિક ટીમ દ્વારા આયોજિત ભવ્ય એર શોની તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં છે. આ કાર્યક્રમની ભવ્યતાનો અંદાજ આપતા આજે સૂર્યકિરણ ટીમનાં ૬ વિમાનો દ્વારા અટલ સરોવર ખાતે મીની રિહર્સલ કરવામાં આવ્યું હતું. રિહર્સલ દરમિયાન આ વિમાનોએ રાજકોટના આકાશમાં દિલધડક કરતબોની પ્રેક્ટિસ કરી હતી જેણે આસપાસના લોકોમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો અને ૭ ડિસેમ્બર, રવિવારના મુખ્ય શો માટેની આતુરતા વધારી દીધી છે. રાજકોટ મહાનગર પાલિકા દ્વારા આયોજિત આ એર શો તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં કેવડિયા ખાતે યોજાયેલા એર શો જેવો જ ભવ્ય હશે તેવી અપેક્ષા છે. આ ઈવેન્ટનું મુખ્ય આકર્ષણ વાયુસેનાની ચોકસાઈ અને શિસ્ત હશે.

આજે થયેલા મીની રિહર્સલે સ્પષ્ટ કરી દીધું છે કે, મુખ્ય શો કેટલો અદ્ભુત હશે. ૬ હોક વિમાનોએ એકસાથે ઉડાન ભરીને વિવિધ ફોર્મેશનની પ્રેક્ટિસ કરી, જેમાં તેમની ટીમ સ્પિરિટ અને પાયલટ્સની અસાધારણ કુશળતાનો પરિચય થયો હતો. આ પ્રારંભિક પ્રેક્ટિસનો હેતુ ૭ ડિસેમ્બરના મુખ્ય કાર્યક્રમ માટે વાતાવરણ અને એરોબેટિક્સની ચોકસાઈ ચકાસવાનો હતો, જે સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે. રિહર્સલે અટલ સરોવર અને આસપાસના વિસ્તારમાં એક તહેવાર જેવો માહોલ ઊભો કર્યો હતો.

મુખ્ય કાર્યક્રમમાં સૂર્યકિરણ ટીમના ૯ હોક વિમાનો રાજકોટના આકાશમાં જોવા મળશે. આ પાયલટ્સ દ્વારા ૪૦ મિનિટ સુધી સતત હવાઈ કરતબો રજૂ કરવામાં આવશે, જે દર્શકોને મંત્રમુગ્ધ કરી દેશે. આ વિમાનો ૭ ડિસેમ્બરે સવારે ૧૦ વાગ્યે અટલ સરોવર ખાતે પોતાના કૌશલ્યનું પ્રદર્શન કરશે. દર્શકોને એર શોમાં વિમાનોના સિગ્નેચર ફોર્મેટ સ્ટન્ટ્સની ખાસ ઝલક જોવા મળશે, જે ભારતીય વાયુસેનાની તાકાતનું પ્રતીક છે.

આ દિલધડક કરતબોમાં મુખ્યત્વે ડાયમંડ ફોર્મેશન, ભારતના સ્વદેશી તેજસ વિમાનની આકૃતિ, રોમાંચક લૂપ્સ, જબરજસ્ત રોલ્સ, પડકારજનક હેડ-ઓન ક્રોસ, અને અસાધારણ ઈન્વર્ટેડ ફોર્મેશન ડીએનએ જેવા અનેક સ્ટન્ટ્સનો સમાવેશ થાય છે.

# કચ્છના સર્વાંગી વિકાસ માટે પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયા ગાંધીધામ-ભુજ પ્રવાસે



**મુખ્ય સમાચાર, મોરબી**

રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી તથા કચ્છ જીલ્લાના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયા ગુરુવારે કચ્છના દ્વિ દિવસીય પ્રવાસે આવશે. તેઓ ગાંધીધામ અને ભુજમાં અલગ-અલગ બેઠક યોજી શહેરોના સર્વાંગી વિકાસ માટે એક્શન પ્લાન તૈયાર કરશે અને અધિકારીઓને ગુણવત્તાવાળા વિકાસકાર્યો તાત્કાલિક હાથ ધરવા સૂચના આપશે.

રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના રાજ્ય મંત્રી તથા કચ્છ જીલ્લાના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયા ગુરુવારે કચ્છ જીલ્લાના પ્રવાસે આવશે. તેમને કચ્છ જીલ્લાના પ્રભારી મંત્રી તરીકેની જવાબદારી મળ્યા બાદ તેઓ વિકાસ મુદ્દાઓને ઝડપથી ગતિ આપવા માટે એક્શન મોડમાં આવી ગયા છે. કચ્છના પ્રવાસ દરમિયાન મંત્રી કાંતિભાઈ અમૃતિયા પ્રથમ ગાંધીધામ શહેરમાં પહોંચશે અને ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર તેમજ અન્ય અધિકારીઓ સાથે એક મહત્વની બેઠક યોજશે. આ બેઠકમાં ગાંધીધામના ધારાસભ્ય પણ ઉપસ્થિત રહેશે. શહેરના સર્વાંગી વિકાસ માટે કોર્પોરેશન દ્વારા તૈયાર કરાયેલ વર્તમાન યોજનાઓની સમીક્ષા કરવામાં આવશે અને રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલા ગ્રાન્ટનો પૂરેપૂરો તથા પારદર્શક ઉપયોગ થાય તે માટે અધિકારીઓને ચુસ્ત સૂચનાઓ અપાશે.

ગાંધીધામ કોર્પોરેશન મારફતે શહેરમાં ગુણવત્તાસભર વિકાસકાર્યો, આંતરમાળખાકીય સુવિધાઓના વિસ્તરણ, નગર સેવાઓના સુધારણા અને આવનારા સમયમાં જરૂરી બને તેવા નવીન પ્રોજેક્ટ્સ માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે. મંત્રીની હાજરીમાં વિભાગો વચ્ચે સમન્વય વધે તે માટે માર્ગદર્શક ચર્ચા પણ યોજાશે. ગાંધીધામના કાર્યક્રમ બાદ મંત્રી કાંતિભાઈ અમૃતિયા ભુજ શહેરની મુલાકાત લેશે. ભુજ જીલ્લા કલેક્ટર, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ તથા ધારાસભ્યો સાથે બેઠક યોજી સમગ્ર કચ્છ જીલ્લાના સર્વાંગી વિકાસ માટે વિસ્તૃત એક્શન પ્લાન ઘડી કાઢવામાં આવશે. જીલ્લાભરમાં ચાલી રહેલા વિકાસ કાર્યની સમીક્ષા, તેની ગતિ અને ગુણવત્તા અંગેની ચર્ચા સાથે સમયમર્યાદામાં કાર્ય પૂર્ણ થાય તે માટે અધિકારીઓને ખાસ તાકીદ કરવામાં આવશે. મંત્રીએ જણાવ્યા મુજબ, કચ્છ જીલ્લામાં વિકાસને ઝડપી બનાવવા સરકાર વર્ષ ૨૦૨૫ માટે વિશેષ ધ્યાન આપશે અને લોકો સુધી સુવિધાઓ પહોંચે તે માટે નગર સેવા, માર્ગ-મકાન, પાણીપુરવઠો, સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને શિક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં નવી પહેલો હાથ ધરવામાં આવશે.

# સાર્થક વિદ્યામંદિર ખાતે ગીતા મહોત્સવની ભવ્ય ઉજવણી

**મુખ્ય સમાચાર, મોરબી**

૦૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સાર્થક વિદ્યામંદિર ખાતે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને મોરબી જીલ્લા શિક્ષણ અધિકારી કચેરીના સંયુક્ત આયોજન હેઠળ ગીતા મહોત્સવ ઉજવાયો હતો. આ મહોત્સવમાં વિવિધ નૃત્ય-નાટિકા, સંસ્કૃત ગરબા તથા ગીતા પારાયણ સાથે સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિના સંવર્ધનની ભાવભીની અભિવ્યક્તિ જોવા મળી.



મોરબીના સાર્થક વિદ્યામંદિરમાં ૦૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ તેમજ મોરબી જીલ્લા શિક્ષણ અધિકારી કચેરીના સંયુક્ત તત્વાવધાન હેઠળ ગીતા મહોત્સવની ભવ્ય ઉજવણી યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆત ગીતાજીનું પૂજન તથા પઠનથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા દશાવતાર નૃત્ય નાટિકા, મહાભારત આધારિત નૃત્ય નાટિકા અને સંસ્કૃત ગરબા જેવી સર્જનાત્મક કૃતિઓ રજૂ કરી, સંસ્કૃત ભાષાના સંરક્ષણ અને સંવર્ધનની ભાવનાને પ્રગટાવી હતી. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની યોજના પંચકમ અંતર્ગત જેમ વિદ્યાર્થીઓએ પૂર્ણ ભગવદ્?ગીતા તથા સો સુભાષિતો કંઠસ્થ કર્યાં હતાં, તેમને મંચ ઉપર આવકારવામાં આવ્યા હતા. તેમને પ્રમાણપત્ર અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા, જે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને ગૌરવનો માહોલ સર્જતો હતો.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડેપ્યુટી ડીડીઓ ભટ્ટ સાહેબ, જીલ્લા શિક્ષણ અધિકારી કચેરીમાંથી બ્રિજેશભાઈ, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના નોડલ અધિકારી અલ્પેશભાઈ, સાર્થક વિદ્યામંદિરના ટ્રસ્ટી કમલેશભાઈ તથા અન્ય માનનીય મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા તરીકે માધવભાઈ પંડ્યાએ ગીતાજીનું જીવનમાં મહત્વ સમજાવતું પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સંસ્કૃત ભારતીના રાજકોટ વિભાગ સંયોજક મયુરભાઈ શુક્લ દ્વારા મોરબી જીલ્લામાં તથા સાર્થક વિદ્યામંદિર ખાતે થતી સંસ્કૃત પ્રવૃત્તિઓ સંબંધિત માહિતી રજૂ કરવામાં આવી હતી. આ સાથે, દર વર્ષની પરંપરા મુજબ સવારે તથા બપોરે બંને સત્રોમાં ગીતાના તમામ ૧૮ અધ્યાયોના પારાયણ પણ શ્રદ્ધાભાવે કરવામાં આવ્યા હતા.

# મોરબીના રામધન આશ્રમ ખાતે ગીતા જયંતિ અને માગશર સુદ અગીયારસની ભક્તિપૂર્ણ ઉજવણી





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રામધન આશ્રમે મહંત ભાવેશ્વરીમાંના સાનિધ્યમાં ગીતા જયંતિ અને માગશર સુદ અગીયારસની ઉજવણી કરવામાં આવી. નાગડાવાસ ગામના રામજી મંદિર ગોપી મંડળ દ્વારા રામદેવપીર મંદિરે અનાજનો અનોખો ચોક પુરવામાં આવ્યો હતો.

મોરબીના પ્રસિદ્ધ રામધન આશ્રમ ખાતે ગીતા જયંતિ તેમજ માગશર સુદ અગીયારસની પાવન ઉજવણી ભક્તિભાવ અને ધાર્મિક વિધિ-વિધાન વચ્ચે કરવામાં આવી હતી. આ પવિત્ર અવસરે આશ્રમના મહંત ભાવેશ્વરીમાંના સાનિધ્યમાં ખાસ કાર્યક્રમો યોજાયા હતા. મહંતએ ગીતા જયંતિના પ્રસંગે શ્રીમદ્ ભગવદ્ ગીતાના ઉપદેશો અંગે સત્સંગ આપતા જણાવ્યું કે, ''ગીતાનો સંદેશ જીવનમાં સારા સંસ્કાર અને સંત્કર્મો તરફ દોરી જાય છે.

સદ્કર્મ કરો તો સારું ભાગ્ય આપમેળે નિર્માણ થાય છે.'' ઉપસ્થિત ભાવિકોએ ગીતા પાઠ તથા ભજન-કીર્તનો દ્વારા આધ્યાત્મિક અનુભવ માણ્યો હતો. આ સાથે નાગડાવાસ ગામના રામજી મંદિર ગોપી મંડળ દ્વારા રામદેવપીર મંદિરે અનાજનો અનોખો ચોક પુરવામાં આવ્યો હતો, જેમાં મોટા પ્રમાણમાં અનાજનો હિસ્સો ભક્તિભાવપૂર્વક અર્પણ કરવામાં આવ્યો હતો. તેમ મુકેશ ભગતની યાદીમાં જણાવ્યું હતું.

# જામનગર સાધના કોલોની, હાપા અને લાલપુરમાં પાના ટીચતી પાંચ મહિલા સહિત ૧૪ની અટક

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં અલગ અલગ વિસ્તારોમાં જુગાર અંગે દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં સાધના કોલોની, હાપા, ક્રિષ્ના ટાઉનશીપ, લાલપુરમાં ગંજીપતાનો જુગાર રમતા શખ્સોની અટક કરવામાં આવી હતી. જ્યારે વર્લીમટકા અને એકીબેકીના જુગાર પર પોલીસે દરોડા પાડ્યા હતા.જામનગરના સાધના કોલોનીમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા પ્રતિમાબેન હેમતસિંહ ચૌહાણ, મધુબેન બીપીન રાવલ, નીતાબા ભરતસિંહ પીંગળ, સુનિતાબેન જીતેન્દ્ર નાગપાલ, મીનાબેન વલીદાસ સોલંકી અને અંકિત વલીદાસ સોલંકીને રોકડા ૫૦૭૦ અને ગંજીપત્તા સાથે અટકમાં લીધા હતા.બીજા બનાવમાં હાપા ક્રિષ્ના ટાઉનશીપમાં આવેલા ચોકમાં તીનપત્તીનો જુગાર રમતા ક્રિષ્ના ટાઉનશીપમાં રહેતા વિજય મુળનારાયણ પુરોહિત,વૃંદાવન સોસાયટીના રાજેશ રાણા ભાન, ગાંધીનગરના નરેન્દ્રસિંહ છત્રસિંહ ઝાલા, પટેલ કોલોનીના શશીકાંત બાવનજી ખાંટ, ધરારનગરના હસન બચુ વિરાણી અને શાંતિનગરના દિલીપસિંહ ગગુભા જાડેજાને રોકડા ૩૧૫૦૦ તથા ત્રણ મોટર સાયકલ, ગંજીપતા મળી કુલ ૧૮૧૫૦૦ ના મુદ્દામાલ સાથે એલસીબીએ પકડી લીધા હતા.એક અન્ય દરોડામાં લાલપુરના ધરારનગરમાં રહેતા રવિ ઉર્ફે કાનો જયંતિ દાણીધારીયા અને ચેતન પ્રવિણ ઢાકેચા આ બન્નેને ઢાંઢર નદીના કાંઠે તીનપત્તીનો જુગાર રમતા રોકડા ૫૨૦ સાથે દબોચી લીધા હતા. આ ઉપરાંત લાલપુરના નાંદુરી રોડ પર રહેતા સાજણ રાણા મારીયાને વર્લીનો જુગાર રમતા રોકડા ૩૦૦ સાથે પકડી લીધો હતો.

દરેડ ગામમાં દિનેશ જેઠા ગોહિલને વર્લીમટકાનો જુગાર રમતા રોકડા ૪૫૦ સાથે પકડી લીધો હતો, જ્યારે હાપા એલગન સોસાયટીમાં રહેતા પ્રવિણ વલ્લભ સીપરીયાને વર્લીમટકાનો જુગાર રમતા રોકડા ૩૨૦ અને ચીઠ્ઠી સાથે પકડી લીધો હતો. ભારતવાસમાં રહેતા મુકેશ ગોવિંદ સાગઠીયાને પટ્ટણીવાડમાં વર્લીમટકાનો જુગાર રમતા ૧૫૦ અને ચીઠ્ઠી સાથે પકડી લીધો હતો.જ્યારે દરેડમાં રહેતા અનિધ્ધસિંહ ખોડુભા જાડેજા અને મહેશ ભુપત ખરાને દરેડ વિસ્તારમાં નોટના નંબર પર એકીબેકીનો જુગાર રમતા રોકડા ૫૬૦ સાથે દબોચી લીધા હતા, તેમજ સાધના કોલોનીમાં રહેતા અનિલ સોમા ચાવડા અને લાલખાણમાં રહેતા અલ્તાફ મહમદ બ્લોચને એકીબેકીનો જુગાર રમતા સાધના કોલોનીમાંથી રોકડા ૫૦૪૦ સાથે પકડી લીધા હતા. તેમજ ભોયવાડામાં રહેતા રાહુલ અશોક મહેતા અને ખાંડબજારમાં રહેતા દિનેશ મગનલાલ ચંદ્રપાલ આ બન્નેને એકીબેકીનો જુગાર રમતા શાક માર્કેટ પાસેથી રોકડા ૨૧૦ સાથે દબોચી લીધા હતા.આ ઉપરાંત તારમામદભાઇ સોસાયટીમાં રહેતા તબરેજ હુશેન નુરમામદ સીપાઇ અને લાલવાડીમાં રહેતા રમેશ નાથા ચૌહાણને એકીબેકીનો જુગાર રમતા રોકડા ૨૪૦ સાથે તથા દરેડમાં રહેતા ખીમસૂર કમા ઘોડા અને હેમસુર ખોડા ગુજરીયા આ બન્નેને એકીબેકીનો જુગાર રમતા દરેડ બસ સ્ટેન્ડ પાસેથી રોકડા ૬૨૦ સાથે અને લાલખાણમાં રહેતા અલ્તાફ કાસમ ખુરેશી તથા નિલકંઠ સોસાયટી પાછળ રહેતા દેવા ભગવાન છારીયાને એકીબેકીનો જુગાર રમતા હર્ષદમીલની ચાલી પાસેથી રોકડા ૨૦૦ સાથે પકડી લીધા હતા.

# વાંકાનેરના પંચાસર ચોકડીએ સાયકલ સવાર દાદા-પૌત્રને ટ્રકે હડફેટે લેતા, દાદાનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર સીટી પોલીસ મથક વિસ્તારના પંચાસર ચોકડી નજીક સાયકલ ઉપર જઈ રહેલ દાદા-પૌત્રને અકસ્માત નડ્યો હતો. જેમાં ટ્રકના ચાલકે પોતાનો ટ્રક બેફામ ગતિએ ચલાવી સાયકલને હડફેટે લેતા ૦૨ વર્ષના માસુમ બાળક સહિત પ્રૌઢ ફંગોળાયા હતા, જે અકસ્માતમાં સાયકલ ચાલક પ્રૌઢનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે માસુમ બાળકને મૂંઢ ઈજાઓ પહોંચી હતી, અકસ્માત સર્જી ટ્રક ચાલક પિતાનો ટ્રક લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો.

મળતી વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના જાંબુઆ જીલ્લાના પેટલાદ ગામના વતની અને હાલ વાંકાનેર તાલુકાના પંચાસર ગામે ખેત-મજૂરી કરતા જગદીશભાઈ અંબારામભાઈ ભાંબર ઉવ.૨૧ વાળાએ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ટ્રક રજી.નં. જીજે-૧૨-બીઝેડ-૯૭૨૩ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૨૯/૧૧ ના રોજ ફરિયાદીના પિતા અંબારામભાઈ સોમલાભાઈ ભાંબર અને તેમનો ૦૨ વર્ષનો દીકરો લક્કી સાયકલ ઉપર પોતાની વાડીએથી પંચાસર ચોકડી ખાતે ચા પીવા જઈ રહ્યા હોય તે દરમિયાન ઉપરોક્ત ટ્રકના ચાલકે પોતાનો ટ્રક બેદરકારીથી ચકાવી આવી સાયકલને ઠોકર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં ઈજાગ્રસ્ત બંને દાદા-પૌત્રને ૧૦૮ મારફત વકાબેર સરકારી હોસ્પિટલ ખસેડતા, જ્યાં દાદા અંબારામભાઈને ડોક્ટરે મૃત જાહેર કર્યા જ્યારે બે વર્ષીય પૌત્રને મૂંઢ ઈજાઓની સારવાર ચાલુ કરી હતી. અકસ્માત બાદ ટ્રક ચાલક પિતાનો ટ્રક લઈને નાસી ગયો હતો. હાલ વાંકાનેર સીટી પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# જામનગરના મોટાપીર ચોક વિસ્તારમાં જર્જરીત મકાનની છત તૂટી પડતા બે ઈજાગ્રસ્તઃ ત્રણનું રેસ્ક્યૂ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના મોટાપીર ચોક વિસ્તારમાં અડધી રાતે જૂના મકાનની છત ધસી પડતા એક મહિલા સહિત બે ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે એક મહિલા તથા બે બાળકી સહિત ત્રણને ઈજા પહોંચી છે.જામનગરમાં કાલાવડ નાકા બહાર આવેલા મોટા પીર ચોક વિસ્તારમાં ગત મોડી રાત્રે એક જૂનવાણી અને જર્જરીત મકાનનો છતનો હિસ્સો ધડાકાભેર ધારાશયી થતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં નીચેના ભાગમાં રહેતા એક મહિલા સહિત બે વ્યક્તિઓ કાટમાળમાં દટાયા હતા, જ્યારે ઉપરના માળે રહેતા એક મહિલા અને બે બાળકોના આબાદ બચાવ થયો હતો. મળતી માહિતી અનુસાર, જામનગરમાં કાલાવડ નાકા બહાર આવેલા મોટા પીર ચોક વિસ્તારમાં મોડી રાતે બનેલી આ ઘટનામાં મકાનનો જર્જરિત ઉપરના માળનો હિસ્સો ધસી પડ્યો હતો. જેમાં નીચેના ભાગમાં રહેતા ૫૮ વર્ષીય રજીયાબેન સાટી અને ૬૦ વર્ષીય હુસેનભાઈ સાટી કાટમાળને કારણે નાની-મોટી ઈજાઓ થતાં દટાયા હતા, રજીયાબેનને કપાળ અને નાકના ભાગે ઈજા થતાં તે લોહીલુહાણ બન્યા હતા. ૧૦૮ની ટીમ દ્વારા તાત્કાલિક બંને ઈજાગ્રસ્તોને જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં રજીયાબેનની સારવાર ચાલી રહી છે. મકાનના પહેલા માળે રહેતા શકીનાબેન અને તેમની ત્રણ વર્ષની પુત્રી નાઈઝા તેમજ માત્ર ત્રણ મહિનાની બાળકી સહિત કુલ પાંચ વ્યક્તિને સમયસર રેસ્ક્યૂ કરી લેવાયા હોવાથી કોઈ મોટી જાનહાનિ થઈ નથી.ઘટનાની જાણ થતાં જ ફાયરબ્રિગેડની ટીમ ત્વરિત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર શાખાના સ્ટેશન ઓફિસર ઉમેશ ગામેતી, જયંતિ ડામોર, એપલ વારા સહિતની ટીમે તરત જ રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી. કાટમાળ પડવાના કારણે મકાનનો દરવાજો ખૂલી શકે તેમ નહોતો. જેથી ફાયર બ્રિગેડની ટીમે મકાનની બારી કાપીને સૌપ્રથમ ઈજાગ્રસ્ત રજીયાબેન અને હુસેનભાઈને બહાર કાઢ્યા હતા. ફાયર બ્રિગેડના જવાનો કાટમાળની વચ્ચેથી ઉપરના માળે પહોંચી ગયા અને ત્યાં રહેલી મહિલા શકીનાબેન અને તેમની બંને પુત્રીઓને બારીમાંથી એક પછી એક સલામત રીતે રેસ્ક્યૂ કરી લીધા હતા. પોલીસતંત્ર પણ ઘટના સ્થળે પહોંચી ગયું હતું અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. આ ઉપરાંત, એસ્ટેટ શાખાની ટીમ દ્વારા જર્જરિત મકાનનો હિસ્સો પણ તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગરના મામલતદાર બી.ટી.સવસાણી ૩૯ વર્ષની સુદીર્ઘ કારકિર્દી પૂર્ણ કરી સેવા નિવૃત્ત થયા

**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગર નિવાસી અધિક કલેક્ટર ભાવેશ ખેર સહિત જિલ્લા મહેસૂલી તંત્રના કર્મીઓએ સવસાણીના ઉત્કૃષ્ટ યોગદાનની પ્રશંસા કરી નિરોગી અને સુખમય નિવૃત્ત જીવનની શુભકામનાઓ પાઠવી.જામનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં ચિટનીશ ટુ કલેક્ટર તરીકે ફરજ બજાવતા વરિષ્ઠ મામલતદાર બી.ટી.સવસાણી સરકારી સેવામાંથી વયનિવૃત્ત થતાં જિલ્લા મહેસૂલી તંત્રમાં એક ભાવવાહી વિદાય સમારોહ યોજાયો હતો.સવસાણીએ ૩૯ વર્ષ કરતાં વધુ સમય સુધી રાજ્ય સરકારની નિષ્ઠાપૂર્વક સેવા કરીને પોતાની ગૌરવશાળી કારકિર્દી પૂર્ણ કરી સેવા નિવૃત્ત થયા છે.તેમની નિવૃત્તિ પ્રસંગે જામનગર જિલ્લા મહેસૂલી તંત્ર વતી નિવાસી અધિક કલેક્ટર ભાવેશ ખેર દ્વારા તેમને સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી હતી. અધિક કલેક્ટરએ આ પ્રસંગે સવસાણીના ઉત્કૃષ્ટ યોગદાનની પ્રશંસા કરીને તેમને નિરોગી, સુખમય અને દીર્ઘ નિવૃત્ત જીવન માટે હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી.કલેક્ટર કચેરીના તમામ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ જિલ્લાની અન્ય મહેસૂલી કચેરીઓના સ્ટાફ દ્વારા બી.ટી.સવસાણીની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને ૩૯ વર્ષથી વધુ સમયની અમૂલ્ય સેવાને બિરદાવવામાં આવી હતી. મહેસૂલી તંત્રના સાથીદારોએ તેમને ભાવભરી વિદાય આપી અને તેમની આગામી જીવનયાત્રા સુખમય નીવડે તે માટે શુભકામનાઓ પાઠવી હતી.




# મોરબીના સંસ્કાર ઈમેજિંગ ખાતે યોજાનારી એસએસવાય શિબિરની તારીખમાં ફેરફાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સંસ્કાર ઈમેજિંગ ખાતે ૦૭ ડિસેમ્બરથી યોજાવાની હતી તે સિદ્ધ સમાધિ યોગ શિબિર હવે નવી તારીખ ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ થી શરૂ થશે. પ્રાણાયામ, ધ્યાન, યોગ્ય આહાર અને પંચકોષ શુદ્ધિકરણ જેવી પોઝિટિવ મેન્ટલ હેલ્થ માટેની આધુનિક તાલીમ આ શિબિરમાં આપવામાં આવશે. રજીસ્ટ્રેશન ફરજિયાત રાખવામાં આવ્યું છે.



મોરબીમાં સંસ્કાર ઈમેજિંગ (જીઆઈડીસી) ખાતે યોજાનારી સિદ્ધ સમાધિ યોગ - શિબિરની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ તા. ૦૭ ડિસેમ્બર ૨૦૨૫ થી શરુ થનારી આ શિબિર હવે તા. ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ રવિવારથી શરૂ થશે. આયોજકો દ્વારા મળતી માહિતી અનુસાર, જીવનને પૂર્ણ કળાએ ખિલવવા માટે આધ્યાત્મિક તેમજ વૈજ્ઞાનિક પદ્ધતિઓનો સંયોગ ધરાવતા આ શિબિરમાં અનેક ઉપયોગી તાલીમ આપવામાં આવશે. શિબિર પ્રાણાયામ, ધ્યાન, યોગાસન, યોગ્ય આહારની સમજ અને પંચકોષ શુદ્ધિકરણ જેવી પદ્ધતિઓ દ્વારા પોઝિટિવ મેન્ટલ હેલ્થ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત ટ્રેનિંગ પ્રદાન કરે છે. શરીર તથા મનના હઠીલા રોગોમાં રાહત, ગેસ, એસિડિટી, કબજિયાત જેવી સમસ્યાઓમાં ફાયદો, તેમજ વજન ઘટાડવા માટેની સરળ અને વૈજ્ઞાનિક રીતો પણ શિબિરની ખાસિયતોમાં શામેલ છે. યોગની સાચી સમજણ, નિયમિત અભ્યાસની આવડત અને જીવનમાં સદા આનંદમાં રહેવાની કળા વિકસાવવા આ શિબિર વ્યક્તિગત સુધારણા માટે ખૂબ જ અસરકારક ગણાય છે. આ યોગ-ધ્યાન શિબિરમાં જોડાવા ઈચ્છુકોએ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. તા.૧૪/૧૨ને રવિવાર સમય સાંજે ૭ વાગ્યે સ્થળ સંસ્કાર ઈમેજિંગ સેન્ટર, જીઆઈડીસી મેઈન રોડ મોરબી ખાતે યોજાશે. સંપર્ક માટે નવનીત કુંડારિયા ૯૮૨૫૨ ૨૪૮૯૮, ધ્રુવ દેત્રોજા ૯૯૧૩૧ ૧૧૨૦૨, અંબારામ કવાડીયા ૯૮૨૫૨ ૬૩૧૪૨ આપેલ નંબર ઉપર સમયસર નોંધણી કરાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વાંકાનેર રેલ્વે સ્ટેશન રોડ પરથી વિદેશી દારૂની ૭ બોટલ સાથે એકની અટક

વાંકાનેર સીટી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હિય તે દરમિયાન વતમી મળી જે, એક શખ્સ હાથમાં બેગ લઈને વિદેશી દારૂની હેરાફેરી કરે છે, જેથી તુરંત સીટી પોલીસે બાતમી મુજબની જગ્યાએ તપાસ કરતા જ્યાં બેગ લઈને જઈ રહેલ શખ્સને રોકી તેનું બેગની તલાસી લેતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની ૭ બોટલ કિ.રૂ.૮૯૦૦/- મળી આવી હતી. જેથી પોલીસે આરોપી વનરાજસિંહ સબળસિંહ નકુમ ઉવ-૪૨ રહે-રેલ્વે સ્ટેશન રોડ વ્યાયામ શાળા વાંકાનેર વાળાની અટક કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના કાલિકા પ્લોટમાંથી વર્લીના આંકડાનો જુગાર રમતા એક પકડાયો

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન શહેરના કાલિકા પ્લોટ શેરી નં.૪ ના નાકે જાહેરમાં વર્લી ફિચર્સના આંકડા એક નોટબુકમાં લખી પૈસાની હારજીતનો નસીબ આધારિત જુગાર રમતા નિરાવભાઈ સુભાષભાઈ મીરાણી રહે.દલવાડી સર્કલ પ્રધાનમંત્રી આવાસ યોજના ક્વાર્ટર બી-૧૨ ૨૦૪ મોરબી વાળાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે આરોપી પાસેથી વર્લી ફિચર્સના જુગાર માટેનું સાહિત્ય તેમજ રોકડા ૧,૫૦૦/-જપ્ત કરી, આરોપી વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં રિસામણે ગયેલી પત્નીને આશરો આપવા મુદ્દે મહિલા પર તલવારથી હુમલા કેસમાં બે આરોપીને ૧૦ વર્ષની સજા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ૨૦૧૭માં રિસામણે ગયેલી મહિલાને આશરો આપવાના મુદ્દે બે શખ્સોએ મહિલા ઉપર તલવારથી જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓ પહોંચાડનાર બંને આરોપીઓને મોરબી ડિસ્ટ્રિક્ટ જજસાહેબની કોર્ટએ ૧૦-૧૦ વર્ષની સજા અને દંડ ફટકાર્યો છે. જેમાંથી ભોગ બનનાર મહિલાને વળતરરૂપે રૂ.૫૦ હજાર ચૂકવવાનો પણ આદેશ થયો છે.

મોરબીમાં વર્ષ ૨૦૧૭માં બનેલા ગંભીર હિંસક બનાવમાં મોરબી કોર્ટએ ધાક બેસાડતો ચુકાદો જાહેર કર્યો છે. જેમાં ફરિયાદી રેશમાબેન ગિરીશભાઈ વિડજાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી દેવજીભાઈ ઉર્ફે ભીખાભાઈ રૂપાભાઈ પરમારની પત્ની કાંતાબેન રિસામણે ગયેલી હતી. કાંતાબેન રેશમાબેનના પરિચિત હોવાથી તેઓએ માનવતાવશ આશરો આપ્યો હતો. આ બાબતે દેવજીભાઈ ઉર્ફે ભીખાભાઈ રૂપાભાઈ પરમાર અને અશોકભાઈ રૂપાભાઈ પરમાર એમ બંને આરોપીઓને ન ગમતા રેશમાબેન સાથે ઝઘડો કરી તલવારથી હુમલો કર્યો હતો. આ હુમલામાં રેશમાબેનના માથા પર ગંભીર ઈજા થઈ હતી તેમજ ડાબા હાથનો અંગૂઠો કપાઈ ગયો હતો. ફરિયાદ બાદ બંને આરોપીઓ વિરુદ્ધ આઈપીસી કલમ ૩૦૭, ૩૨૬,૫૦૪ અને ૫૦૬ હેઠળ ગુનો નોંધાયો હતો.

ત્યારે ઉપરોક્ત કેસ મોરબી પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રીવાસ્તવ સાહેબની કોર્ટમાં ચાલી જતા, જેમાં સરકારી વકીલ વિજયભાઈ જાનીની દલીલો, રેશમાબેનની જુબાની, મેડિકલ એવીડન્સ અને એફએસએલ રિપોર્ટને આધારે કોર્ટએ આરોપી દેવજીભાઈ ઉર્ફે ભીખાભાઈ રૂપાભાઈ પરમાર અને અશોકભાઈ રૂપાભાઈ પરમાર બન્નેને ૧૦-૧૦ વર્ષની સજા ફટકારી છે. ઉપરાંત રૂ.૩૧-૩૧ હજારનો દંડ તેમજ તેમાંમાંથી રૂ. ૫૦ હજાર રેશમાબેનને વળતર પેટે ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો છે.

# જામનગર કાલાવડના મોટા થાવરીયા પાસે વાહન અકસ્માતમાં પુત્રનું મોત પિતાને ઈજા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર - કાલાવડ માર્ગે મોટા થાવરીયા પહેલા વાહન અકસ્માત થયો હતો.પુત્રને સ્કૂલ બસ સુધી મૂકવા જઈ રહેલા પિતા-પુત્રના બાઈકને અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતાં થયેલા અકસ્માત માં બાઈક ચાલક ને ઈજા પહોંચી હતી, જ્યારે તેના પુત્રનું કરુણ મૃત્યુ થયું હતું. બીજા બનાવમાં જામનગર નજીક ધુતારપર ગામ પાસે કપાસ વિણવાની મજૂરી કામ કરવા જઈ રહેલા એક પરિવારનો પાંચ વર્ષનો બાળક અકસ્માતે ટ્રેક્ટર માંથી નીચે પટકાઈ પડ્યો હતો, અને ટ્રેક્ટરનું વ્હીલ માથા પરથી ફરી વળતાં ઘટના સ્થળે જ કમ કમાટી ભર્યું મૃત્યુ નીપજ્યું છે. પોલીસે ટ્રેક્ટર ચાલક સામે ગુનો નોંધ્યો છે.જામનગર તાલુકાના મોટા થાવરીયા ગામ માં રહેતા અશોકભાઈ વિઠ્ઠલભાઈ ચોવટીયા તા. ૨૯ ને આશરે ૬૩૦ વાગ્યા પહેલા પોતાના પુત્ર ઋત્વિક (ઉ.૧૬) ને સ્કુલ બસ માં જવા માટે ઠેબા ગામ પાસે મુકવા જતા હતા. ત્યારે ત્યારે પોતાના જ ગામના બસ સ્ટેન્ડ નજીક ના માર્ગે પહોંચતા અજાણ્યા વાહન ચાલકે તેમના બાઈક ને હડફેટે લેતા અકસ્માત થયો હતો. જેમાં બાઈક ની પાછ્લી સીટ માં બેસેલા ઋત્વિક બાઈક માંથી ફંગોળાઈ ગયો હતો, અને માથા માં ગંભીર ઈજા થવાના કારણે તેનું મૃત્યુ થયું હતું.જ્યારે ઋત્વિકના પિતા બાઈક ચાલક અશોકભાઈ ચોવટીયાને ઈજા પહોંચતા તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યારે અકસ્માત પછી અજાણ્યો વાહન ચાલક નાસી ગયો હતો. આ અંગે અશોકભાઈ વિઠ્ઠલભાઈ ચોવટીયા એ અજાણ્યા વાહન ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા ઇનચાર્જ પો. ઈન્સ એચ.વી રાઠોડ એ તપાસ હાથ ધરી છે.બીજા બનાવમાં જામનગર તાલુકાના ધુતારપર ગામમાં રહીને ખેત મજૂરી કામ કરી રહેલા મૂળ ભરૂચ જિલ્લાના વતની કમલેશભાઈ મનુભાઈ વાઘેલા તથા તેમના પરિવારના બાળકો સહિતના અન્ય સભ્યો એક ટ્રેક્ટરમાં બેસીને નજીકમાં જ આવેલી એક વાડીમાં કપાસ વીણવાનું કામ કરવા માટે જઈ રહ્યા હતા. કમલેશભાઈના પરિવારના ૮ જેટલા સભ્યો હતા, તેમજ અન્ય શ્રમિક પણ ટ્રેક્ટરમાં સાથે બેઠા હતા.જેઓ ધુતારપર વિસ્તારના વતની હરેશભાઈ પટેલ ના જી.જે. ૧૦ ડી.એ. ૬૯૧૫ નંબરના ટ્રેક્ટરમાં બેસીને જઈ રહ્યા હતા, જે દરમિયાન રસ્તામાં ખાડો આવ્યો હોવાથી ટ્રેક્ટર ફૂલ સ્પીડમાં હોવાના કારણે ટ્રેક્ટરની અંદર બેઠેલો કમલેશભાઈનો પાંચ વર્ષનો પુત્ર મયુર (ઉ.વ.૫) કે જે ઉછળીને નીચે પટકાયો હતો. એટલું જ માત્ર નહીં ટ્રેક્ટરનું પાછ્લું તોતિંગ વહીલ તેના ઉપરથી ફરી વળ્યું હતું, અને ખોપડી ફાટી જવાના કારણે મૃત્યુ નીપજ્યું હતું.આ અકસ્માતના બનાવ અંગે મૃતક મયુરના પિતા કમલેશભાઈ વાઘેલાએ ટ્રેક્ટર ચાલક સામે ફરિયાદ નોંધાવતાં પંચકોશી એ. ડિવિઝનના એ.એસ.આઇ. ડી.એ. રાઠોડ એ બનાવના સ્થળે દોડી જઈ મૃતદેહ નો કબજો સંભાળ્યો છે.

# મોરબીના એપાર્ટમેન્ટના પાર્કિંગમાં એકટીવાની ડેકીમાંથી વિદેશી દારૂની ૫ બોટલ ઝડપાઇ, આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં ટી.કે.હોટલ પાસે શુભલક્ષ્મી એપાર્ટમેન્ટ-૨ ના પાર્કિંગમાં ઓર્ક કરેલ એકતીવામાં વિદેશી દારૂનો જથ્થો રાખી બુટલેગર દારૂનું વેચાણ કરતો હોવાની બાતમીને આધારે બી ડિવિઝન પોલીસ ટીમે રેઈડ કરતા, જ્યાં એકટીવા રજી.નં. જીજે-૦૩-એચસી-૬૭૧૩ની ડેકીમાંથી વિદેશી દારૂની ૫ બોટલ કિ.રૂ.૭,૦૦૦/- મળી આવી હતી. રેઈડ દરમિયાન આરોપી અંકિતભાઈ દીપકભાઈ સોલંકી રહે. શુભલક્ષ્મી એપાર્ટમેન્ટ-૨ ફ્કેટ નં.૪૦૧ મોરબી-૨ વાળો હાજર નહિ મળી આવતા, પોલીસે તેને ફરાર દર્શાવી એકટીવા તથા વિદેશી દારૂ સહિત ૨૭,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ ફરાર આરોપીને ઝડપી લેવા શોધખોળ શરૂ કરી છે.

# રાજકોટ ખાતે યોજાનારી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપની તડામાર તૈયારીઓ

## રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવના અધ્યક્ષસ્થાને હોકી ચેમ્પિયનશિપના સુચારુ આયોજન અંગે બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તા.૦૪થી ૧૪ ડીસેમ્બર સુધી રાજકોટ ૭૪મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપની યજમાની કરશે. જેના ભાગરૂપે રેન્જ આઈ જી અશોક કુમાર યાદવની અધ્યક્ષતામાં હોકી ચેમ્પિયનશિપની આગોતરી તૈયારીના ભાગરૂપે સુચારુ આયોજન અંગે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ડી.સી.પી. ઝોન ૧ હેતલ પટેલે જણાવ્યું હતું કે, આ હોકી ચેમ્પિયનશિપના ૭૪માં સંસ્કરણમાં ભારતભરની પોલીસ અને પેરા મીલીટરી ફોર્સની કુલ ૩૨ ટીમો ભાગ લેશે, જે રાજકોટના રેસકોર્સ સ્થિત મેજર ધ્યાનચંદ હોકી સ્ટેડિયમ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોકી ગ્રાઉન્ડ ખાતે યોજાશે. જે અન્વયે ખેલાડીઓને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ અને તાલીમ માટેની જરૂરી વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. ખેલાડીઓ માટે નિવાસની વ્યવસ્થા વિશ્રામ સદન પોલીસ હેડ કવાર્ટર ખાતે કરવામાં આવી છે. સાથોસાથ ટ્રેનિંગ ઝોન અને મેડિકલ સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે રેન્જ આઈ.જી.એ જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વધુમાં હેતલ પટેલે જણાવ્યું હતું કે, આ ચેમ્પિયનશીપના ઉદઘાટન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના પોલીસ વડા (D.G.P.) વિકાસ સહાય, વરિષ્ઠ અધિકારીઓ અને સમગ્ર દેશના ખેલાડીઓ હાજર રહેશે. તા. ૦૩ ડિસેમ્બરના રોજ હોકી ચેમ્પિયનશીપનું રિહર્સલ પણ યોજાશે. તા. ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સમાપન સમારંભ યોજાશે. જેમાં વિજેતા અને રનર-અપ ટીમોને ટ્રોફી તથા પુરસ્કારો આપવામાં આવશે. હોકી ચેમ્પિયનશીપનાં ઉદઘાટન સમારંભ, સમાપન સમારંભ તથા ડી.જી.પી. ડિનરનું આયોજન પોલીસ હેડ ક્વાર્ટર ગ્રાઉન્ડ રાજકોટ શહેર ખાતે કરવામાં આવેલ છે. આ ઉપરાંત, સમારંભમાં સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ગુજરાતની પરંપરા દર્શાવતી ઈવેન્ટો પણ યોજાશે. આ ઈવેન્ટમાં અતિથી વિશેષ તરીકે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી વિશેષ ઉપસ્થિત રહેશે. જે અંગે રેન્જ આઈ.જી. એ ઝીણવટપૂર્વક માહિતી મેળવી યોગ્ય સૂચનાઓ આપી હતી.

હાલ, આ હોકી ચેમ્પિયનશીપમાં ભારતના ૧૮ રાજ્યોની પોલીસ અને અલગ અલગ પેરા મિલેટ્રી ફોર્સના પુરૂષની ૨૪ ટીમ અને મહિલાની આઠ ટીમોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. રાજકોટ ખાતે આવનાર ટીમો માટે રાજકોટ શહેર પોલીસના કર્મીઓને લાયઝનિંગ ઓફીસર તરીકે નિમવામાં આવ્યા છે, તેમ હેતલ પટેલે જણાવ્યું હતું.

આ બેઠકમાં સંબધિત પોલીસ ઈન્સ્પેકટરઓ તથા પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# રાજકોટ જિલ્લાનાં વિંછીયા ખાતે કિશોરી મેળો યોજાયોઃ ૨૦૦ જેટલી કિશોરીઓને હાઈજીન કીટનું વિતરણ કરાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા આરોગ્ય વિભાગ, જિલ્લા શિક્ષણ વિભાગ અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે ભારત સરકારની મિશન શક્તિ યોજના અંતર્ગત કાર્યરત ''સંકલ્પ District Hub for Empowerment of Women (DHEW)'' દ્વારા ''બેટી બચાઓ બેટી પઢાઓ'' યોજના અન્વયે શ્રી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય - વિંછીયા ખાતે કિશોરી મેળો તથા હાઈજીન કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અંદાજિત કુલ ૨૦૦ દીકરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ દ્વારા દીકરીઓમાં સ્વચ્છતા, આરોગ્ય જાગૃતિ અને માસિક સ્ત્રાવ સ્વચ્છતા અંગે જાગૃતતા કેળવવામાં આવી હતી. આ તકે ની ટીમ દ્વારા દીકરીઓનું વજન, ઊંચાઈ, હિમોગ્લોબીન અને BMI માપવામાં આવ્યું હતું અને દીકરીઓ માટે જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. DHEW ટીમ દ્વારા માસિક સ્ત્રાવની સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપ્યું હતું તથા દીકરીઓની સમસ્યાઓ જાણીને તેનું નિરાકરણ પણ કર્યું હતું. ઉપસ્થિત દીકરીઓને હાઈજીન કીટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ડીસ્ટ્રીકટ મિશન કો ઓર્ડીનેટર જેવીના માણાવદરીયા, જેન્ડર સ્પેશિયાલિસ્ટ સુનિતા મુંગરા અને તપન નથવાણી, વિંછીયા ટીમના મેડિકલ ઓફિસર ડૉ. સંજય સોલંકી, ડૉ. ધ્રુવિ માતરિયા, ફિમેલ હેલ્થ વર્કર અને ફાર્માસીસ્ટ ટીમના સભ્યો, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના પ્રિન્સીપાલ, શિક્ષકઓ તથા વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય દિન નિમિત્તે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી વિશ્વવંદનીય સંત વિભૂતિ પ્રમુખસ્વામી મહારાજના જન્મદિવસ નિમિત્તે મોરબી ખાતે ઝુલતા પુલ પાસે નવનિર્મિત મંદિર પરિસરમાં એક અદભુત રક્તદાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજે વિશ્વને સંસ્કૃતિના રક્ષણ માટે મંદિરોનું નિર્માણ અને શિક્ષણ, તબીબી સેવા તેમજ ભૂકંપ-પૂર જેવી હોનારતોમાં રાહત જેવા ૧૬૨ થી વધુ સેવા કાર્યોની ભેટ આપી છે. હાલમાં આ સેવા પ્રવૃત્તિઓ મહંત સ્વામી મહારાજ દ્વારા આગળ ધપાવવામાં આવી રહી છે.

આ સેવા યજ્ઞ અંતર્ગત, આયોજિત રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જેમાં ૧,૨૪,૯૫૦ સીસી. રક્ત એકત્રિત થયું હતું. ખાસ વાત એ હતી કે આ રક્તદાન કેમ્પમાં ભાઈઓ અને બહેનો ઉપરાંત ૪૦ થી ૬૦ વર્ષથી સતત રક્તદાન કરતા દાતાઓએ પણ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું.

આ ધાર્મિક અને સામાજિક સેવાના કાર્યક્રમમાં રાજ્યના અગ્રણી મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રાજ્ય શ્રમ મંત્રી કાંતિલાલ અમૃતિયા, પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજા, અને આરએસએસ અગ્રણી ડો.જયંતીભાઈ ભાડેસિયા સહિતના અગ્રણીઓ હાજર રહીને આ રક્તદાન યજ્ઞને પ્રોત્સાહિત કર્યો હતો. તેમજ મોરબી મંદિર કોઠારી પૂજ્ય આત્મકિર્તીસ્વામી અને પૂજ્ય હરિસ્મરણસ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

# ઓખા--મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ ૨૧ જાન્યુઆરી સુધી દાદર સ્ટેશન સુધી જશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનના પ્લેટફોર્મ ક્રમાંક ૪ પર કમ્પ્લીટ ટ્રેક રિન્યૂઅલ કાર્યને કારણે લાંબો બ્લોક લેવામાં આવી રહ્યો છે. આ બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનમાંથી જતી ટ્રેન ક્રમાંક ૨૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ તાત્કાલિક અસરથી ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ઓખાથી પ્રસ્થાન કરી દાદર સ્ટેશન પર શોર્ટ-ટર્મિનેટ થશે. આ રીતે આ ટ્રેન દાદર અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે. મુસાફરોને વિનંતી છે કે ટ્રેનોના સ્ટોપેજ, કોચ સંરચના, સમય વગેરેની વિગતવાર માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર ઉપલબ્ધ માહિતીનો અવલોકન કરે.

# જેતપુરના મંડલીકપુર ગામે ડૉ.આંબેડકરની પ્રતિમાનું અનાવરણ



**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર તાલુકાના મંડલીકપુર ગામે એક ગૌરવશાળી અને ઐતિહાસિક પળનો સાક્ષી બન્યો હતો. ગામના આંબેડકર નગર વિસ્તારમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ભવ્ય પ્રતિમાનું અનાવરણ કરીને સમાજને સમાનતા, ન્યાય અને જાગૃતિના તેમના સંદેશને ફરી એકવાર યાદ અપાવવામાં આવ્યો. આ અનાવરણ સમારોહ મંડલીકપુર ગામના સરપંચ હરેશભાઈ સેન્જલિયા તથા સરપંચ સભ્યોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય અને રીબીન કાપીને કાર્યક્રમ યોજાયો. યુવાનોના ગ્રુપ દ્વારા આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગામના નાના બાળકો, યુવાનો, મહિલાઓ તેમજ આસપાસના ગામોના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગામમાં વિશેષ ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો. સફળ બનાવવા માટે સરપંચ હરેશભાઈ સેન્જલિયાનું યોગદાન રહ્યું હોવાનું આયોજક યુવાનોએ વ્યક્ત કર્યું હતું. તેમણે જણાવ્યું કે બાબા-સાહેબના આદર્શોને ગામના હૃદયમાં જીવંત રાખવા માટે આ પ્રતિમા મહત્વપૂર્ણ પ્રેરણાસ્રોત બની રહેશે.

# હળવદના જુના ધનાળા ગામ નજીક ડમ્પરે એકટીવાને હડફેટે લેતા પ્રૌઢ મહિલાનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના જુના ધનાળા ગામ નજીક રોડ ઉપર ટ્રક ડમ્પરના ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડે ચલાવી આવી સામેથી આવતા એકટીવા મોપેડને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો, જે અકસ્માતમાં મોપેડમાં પાછળ બેઠેલ ૫૦ વર્ષીય મહિલાનું ગંભીર ઇજાઓ સબબ સ્થળ ઉપર જ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે એકટીવા ચાલકને સામાન્ય ઇજાઓ પહોંચી હતી. હાલ મૃતકના પતિએ આરોપી ડમ્પર ચાલક વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી તાલુકાના પીપળી ગામે લવજી પટેલના ભેંસોના તબેલામાં રહેતા મૂળ ખોડ ગામ તા.હળવદના વતની ઝાલાભાઈ મેરાભાઈ પરસાડીયા ઉવ.૬૫ એ હળવદ પોલીસ મથકમાં આરોપી ટ્રક ડમ્પર રજી.નં. જીજે-૩૬-એક્સ-૨૧૨૩ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ગઈ તા.૨૬/૧૧ ના રોજ ફરિયાદીના પત્ની ગંગાબેન અને ફરિયાદી સાથે કારખાનામાં અગાઉ નોકરી કરતા હરેશભાઇ રમણિકભાઈ સોલંકી એકટીવા રજી.નં. જીજે-૩૬-એએચ-૦૩૩૫ લઈને સુસવાવ ગામથી ખોડ ગામ પરત આવતા હોય ત્યારે જુના ધનાળા ગામ રેલ્વે ફાટક નજીક સામેથી આવતા ડમ્પર ચાલકે પોતાનું ડમ્પર ગફલતભરી રીતે ફૂલ સ્પીડમાં આવી એકટીવાને સામેથી ટક્કર મારતા, મોટર સાયકલ ચાલકને સામાન્ય ઇજા તેમજ પાછળ બેઠેલ ગંગાબેન ઝાલાભાઈ પરસાડીયા ઉવ.૫૦ વાળાને માથામાં ગંભીર ઇજાઓ પહોચતા તેઓને સારવાર અર્થે હળવદ સરકારી હોસ્પિટલ લાવતા, જ્યા હાજર ડોક્ટરે જોઈ તપાસી ગંગાબેનને મૃત જાહેર કર્યા હતા. હાલ હળવદ પોલીસે આરોપી ડમ્પરના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી શહેરમાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના માટે હયાતીની ખરાઈ 30 ડિસેમ્બર સુધીમાં ફરજિયાત કરાવવી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરી વિસ્તારમાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ સહાય મેળવનાર તમામ લાભાર્થીઓએ ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી હયાતીની ખરાઈ કરાવવી રહેશે. મામલતદાર કચેરી ખાતે નક્કી કરાયેલા સમયગાળા દરમિયાન જરૂરી દસ્તાવેજો સાથે હાજરી આપવા સૂચના અપાઈ છે.

નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ મળતી સહાય નિયમિત રીતે બંધ ન થાય અને રેકોર્ડ સચોટ રહે તે માટે દર વર્ષે લાભાર્થીઓની હયાતીની ખરાઈ ફરજિયાત કરવામાં આવી છે. તે મુજબ મોરબી શહેર વિસ્તારના તમામ લાભાર્થીઓને આગામી ૩૦/૧૨/૨૦૨૫ સુધીમાં હયાતીની ખરાઈ કરાવવા માટે મોરબી શહેર મામલતદાર કચેરીએ સૂચના જાહેર કરી છે. લાભાર્થીઓએ સવારે ૧૧ થી ૧ અને સાંજે ૩ થી ૫ દરમ્યાન મોરબી શહેર મામલતદાર કચેરી, કમ્પાઉન્ડ, જુની એસ.પી. કચેરી, વેજીટેબલ રોડ, મોરબી ખાતે હયાતીની ખરાઈ માટે લાભાર્થીઓએ ગંગા નિરાધાર વૃદ્ધ સહાય યોજનાના હુકમની નકલ, આધાર કાર્ડની નકલ, બેંક પાસબુકની નકલ જેવા જરૂરું દસ્તાવેજો સાથે આવવાનું રહેશે. આ સાથે મોરબી મામલતદાર કચેરી દ્વારા જાહેર કરાયેલી યાદીમાં જણાવ્યા મુજબ, સમયમર્યાદા પહેલાં હયાતીની ખરાઈ ન કરનારાઓની સહાય અટકી શકે છે, તેથી તમામ લાભાર્થીઓને સમયસર કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સોશિયલ મીડિયાના વિવાદીત બન્ની ગજેરા સામે છેતરપિંડીની વધુ એક ફરિયાદ

## જેલમાં સાથે રહેલા ઇસમને કંપનીમાં ૨૦૦ કરોડનું કામ છે કહી 3.૬૦ લાખ પડાવ્યા, તારા રેકોર્ડિંગ છે, ફીટ કરાવી દઇશ' ધમકી આપ્યાનો બન્ની સામે આરોપ

**મુખ્ય સમાચાર, જેતપુર**

સોશિયલ મીડિયામાં અવારનવાર ચર્ચામાં રહેતા અને હાઈલાઈટ થતા જેતપુર તાલુકાના મોટાગુંદાળા ગામના ભાવીન ઉર્ફે બન્ની ગોરધનભાઈ ગજેરા સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાતા ચકચાર મચી છે. સોશિયલ મીડિયા પર પોતાની આગવી ઓળખ ઉભી કરવાનો દાવો કરતા બન્ની ગજેરાએ જેતપુર જેલમાં જ સાથે રહેલા એક કેદી મિત્રને કંપનીમાં રોકાણ કરવાની લાલચ આપી રૂ. ૩.૬૦ લાખ પડાવી લીધાનું સામે આવ્યું છે.

આ બનાવની વિગત મુજબ, રાજકોટના કોઠારીયામાં રહેતા કશ્યપભાઈ રામાણી અગાઉ જેતપુર જેલમાં હતા ત્યારે તેમની મુલાકાત બન્ની ગજેરા સાથે થઈ હતી. જેલમાં બન્નીએ કશ્યપભાઈને કહ્યું હતું કે, ''હું એક કંપનીમાં એજન્ટ છું અને મારી પાસે ૨૦૦ કરોડનું કીટ વિતરણનું કામ છે''.

કશ્યપભાઈની આર્થિક સ્થિતિ નબળી હોવાથી અને મકાન વેચાઈ ગયું હોવાથી, બન્નીએ તેમને રોકાણ સામે સારા વળતરની લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા.જેલમાંથી છૂટ્યા બાદ કશ્યપભાઈએ ભરોસો મૂકી કટકે-કટકે રોકડા ૩.૨૦ લાખ અને ઓનલાઈન ૪૦ હજાર મળી કુલ ૩.૬૦ લાખ રૂપિયા બન્નીને આપ્યા હતા. પરંતુ લાંબા સમય સુધી વળતર ન મળતા કશ્યપભાઈએ ઉઘરાણી કરી હતી. ત્યારે બન્ની ગજેરાએ પોતાનું પોત પ્રકાશ્યું હતું અને વોટ્સએપ પર ગાળો આપી ધમકી આપી હતી કે, ''મારી પાસે તારા રેકોર્ડિંગ અને ચેટ છે, મજા કર.. હવે નવી તારીખ ભરવા તૈયાર રહેજે, તને ગુનામાં ફીટ કરાવી દઈશ. આખરે કશ્યપભાઈએ જેતપુર સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બન્ની ગજેરા વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૩૧૬(૫) સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જેતપુરમાં મહિલાઓની 'જનતા રેડ': ચામુંડા નગરમાં દારૂ વેચતી મહિલાને ઝડપી લીધી

## સરકાર રાતોરાત નોટબંધી કરે છે, તો દારૂબંધી કેમ નથી થતી? પોલીસ હપ્તા લઈને આંખ આડા કાન કરતી હોવાનો મહિલાઓનો ગંભીર આક્ષેપ



**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં દેશી દારૂનાં દુષણ સામે પોલીસની કામગીરી શંકાના દાયરામાં આવી છે. ધોરાજી રોડ પર આવેલા ચામુંડા નગર વિસ્તારમાં સ્થાનિક મહિલાઓએ રણચંડી બનીને 'જનતા રેડ' કરી હતી અને દેશી દારૂનું વેચાણ કરતી એક મહિલાને રંગેહાથ ઝડપી લીધી હતી.

બનાવની વિગત મુજબ, ચામુંડા નગર વિસ્તારમાં ખુલ્લેઆમ દેશી દારૂનું વેચાણ થતું હોવાથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. સ્થાનિક મહિલાઓએ એકત્ર થઈને દારૂના અડ્ડા પર દરોડો પાડયો હતો અને દારૂ વેચતી મહિલાને પકડી પાડી હતી. રોષે ભરાયેલી મહિલાઓએ રસ્તા પર જ દારૂની કોથળીઓ ફોડી નાખીને પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો.

રેડ દરમિયાન મિડિયા સાથે વાત કરતા એક સ્થાનિક મહિલાએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, ''અમે અનેકવાર પોલીસ ચોકીએ રજૂઆતો કરી છે, પરંતુ અમારી કોઈ રજૂઆત સાંભળવામાં આવતી નથી. અહીં ખુલ્લેઆમ દારૂ વેચાય છે. અમારા ઘરના પુરુષો દારૂ પીને બરબાદ થઈ રહ્યા છે.'' મહિલાઓએ પોલીસ પર સીધો આક્ષેપ કરતા કહ્યું હતું કે, ''હપ્તા લઈને પોલીસ જતી રહે છે, પણ નક્કર કાર્યવાહી કરતી નથી.

આક્રોશ વ્યક્ત કરતા અન્ય એક મહિલાએ વેધક સવાલ કર્યો હતો કે, જો સરકાર રાતોરાત નોટબંધી કરી શકતી હોય, તો દારૂબંધી કેમ નથી કરાવી શકતી?''. આ નિવેદન હાલ સોશિયલ મીડિયામાં પણ ચર્ચાનો વિષય બન્યું છે. ઘટનાની જાણ થતા જેતપુર પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. મહિલાઓના વિરોધ વચ્ચે પોલીસે દારૂનું વેચાણ કરતી મહિલાને પોલીસ જીપમાં બેસાડી અટકાયત કરી હતી.

# સરધાર પેટા વીજ કચેરીમાં ઇજનેર પર હુમલો કરી ફરજમાં રૂકાવટ કરનારને છ માસની જેલ

## થ્રી ફેસ પાવર ચેન્જ કરવા મુદ્દે શખ્સે જુનીયર ઇજનેર સહીત બેને માર માર્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરધાર ગામે પીજીવીસીએલની સબ કચેરીમાં ધસી આવી હોડથલીના શખ્સે થ્રી ફેસ પાવર ચેન્જ કરવા બાબતે ડખ્ખો કરી જુનીયર એન્જીનીયર સહીત બે કર્મચારી ઉપર હુમલો કરી ફરજમાં રૂકાવટ કરવાના ત્રણ વર્ષ પહેલાના કેસમાં અદાલતે આરોપીને તસકીરવાન ઠરાવી છ માસની સજા અને ફરીયાદીને રૂા.૧૦ હજારનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ, પીજીવીસીએલના સરધાર સબ ડિવિઝન હેઠળના હોડથલી ગામે માતાજીના માંડવા પ્રસંગે સરપંચની અરજી અને કાર્યપાલક ઈજનેરની સૂચનાથી થ્રી ફેસ પાવર ચેન્જ કરવામાં આવ્યો હતો, એ બાબતે કઈ તારીખ ૨૬/ ૪/ ૨૦૨૨ના રોજ હોડથલી ગામના ઘનશ્યામ લાભુભાઈ જલુ નામના શખસે સરધાર સબ ડિવિઝન કચેરીએ જઈ જુનિયર એન્જિનિયર ગૌરવ વિરસંગ સોલંકીને બહાર બોલાવી ગાળા ગાળી કરી બોલેરો જીપમાંથી ધાર્યું કાઢી પાછળ દોડવા ઉપરાંત વચ્ચે પડેલા અમરસિંહ રામજીભાઈ ગોહિલ નામના કર્મચારીને ઝાપટ મારી દીધી હોવાની ગાળા ગાળી અને ફરજ રૂકાવટની પોલીસ ફરિયાદ જુનિયર એન્જિનિયર ગૌરવ સોલંકીએ કરી હતી. આ અંગેનો કેસ ચાલવા ઉપર આવતા સરકાર પક્ષે કોર્ટમાં કુલ ૧૧ સાહેદોને તપાસ્યા હતા, તેમજ હુમલો કર્યા અગાઉ આરોપીએ મોબાઈલ ફોન ઉપર પીજીવીસીએલ સ્ટાફ સાથે કરેલી જીભાજોડી અને ધમકી બાબતના ઓડિયો રેકોર્ડિંગની પેન ડ્રાઈવ રજૂ કરવામાં આવી હતી. તેમાં સાહેદોની હકીકતો તેમજ ઈલેક્ટ્રોનિક પુરાવા અંગેના સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ રજૂ કરવામાં આવ્યા હતા. જે ધ્યાને લઈ મેજિસ્ટ્રેટ કે આર ગાંગાણીએ આરોપી અમરસિંહ રામજીભાઈ ગોહિલ આઈપીસી ૩૩૨ ના ગુનામાં છ માસની કેદ અને રૂપિયા ૧૦૦૦ દંડ તેમજ ગાળા ગાળી કરવાના ગુનામાં પણ વધુ છ માસની કેદ અને રૂપિયા ૧૦૦૦ દંડ ઉપરાંત ફરિયાદી અને ઈજા પામનાર સાહેદને રૂપિયા દસ દસ હજાર વળતર ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે મદદની સરકારી વકીલ આરએન ગોસાઈ અને તેમની મદદમાં પીજીવીસીએલ વતી એક્વોકેટ જે.એમ. મગદાણી રોકાયા હતા.

# ચોટીલાનાં ગુંદા ગામની સીમમાં વૃધ્ધ ખેડૂત પર દિપડાનો હુમલો

## વન વિભાગે બે પાંજરા મૂકી દિપડો પકડવા કવાયત હાથ ધરી



**મુખ્ય સમાચાર, ચોટીલા**

યાત્રાધામ ચોટીલા પંથકમાં રાની પ્રાણી એવા દિપડાઓ સારા પ્રમાણમાં વર્ષોથી વસવાટ ધરાવે છે. રવિવારના સવારે ગુંદા ગામની સીમમાં ફાટસર ભેખડ થી ઓળખાતા સીમ વિસ્તારમાં આવેલ પોતાના ખેતરે એક વૃધ્ધ ખેડૂત ઘાસ વાઢવા ગયેલા જેઓ ઉપર દિપડાએ હૂમલો કરી દેતા સામાન્ય ઇજા થતા હોસ્પિટલમાં સારવાર આપવામાં આવેલ હતી. ઘટના વાયુવેગે પ્રસરતા ખેડૂતોમાં ફફડાટ સાથે ભયનો માહોલ ફેલાયેલ છે. વન વિભાગ દ્વારા માનવ લોહી ચાખી ગયેલ દિપડાને પકડવા પાંજરા ગોઠવી કવાયત હાથ ધરવામાં આવેલ છે.

આ અંગેની માહિતી મુજબ ગુંદા ગામના લખમણભાઇ મકવાણા નામના વૃધ્ધ ખેડૂત રવીવારે સવારે ઘાસ વાઢવા ખેતરમાં ગયા હતા તે સમયે દિપડો અગાઉ થી જ ખેતરમાં ઘાસ વચ્ચે બેઠો હતો જે બાબતે ખેડૂત અજાણ હતા અને તેઓ ઘાસ વાઢી રહેલ ત્યારે પલકવારમાં દિપડાએ તેઓ ઉપર હૂમલો કરતા રાડ ફાટી ગયેલ હતી. વૃધ્ધ ખેડૂતની ચીસ સાંભળી આસપાસના કામ કરતા અન્ય લોકો તુરંત દોડી આવતા દિપડો સામાન્ય ઇજા પહોચાડી નાસી જતા વૃધ્ધ જગતાત નો ચમત્કારીક રીતે ઉગરી ગયેલ છે.

જોકે દિપડાએ અચાનક કરેલ હૂમલા માં ખેડૂતને એક હાથ અને ખંભાના આગળના ભાગે દિપડાના એક નોર થી ઇજા પહોંચતા લોહી નિગળતી હાલતમાં રેફરલ હોસ્પિટલે સારવાર માટે લવાતા તેઓને પાચ જેટલા ટાકા લઈ સારવાર બાદ રજા અપાયેલ હતી.

સમગ્ર ઘટના વાયુવેગે પંથકમાં પ્રસરતા ખેડૂતોમાં ફફડાટ સાથે ભયનો માહોલ છવાયેલ છે. તેમજ હૂમલો કરી માનવ લોહી ચાખી ગયેલ રાની પ્રાણી એવા દિપડાની વિસ્તારમાં રંઝાડ વધે અને હિંસક બને તે પહેલા સ્થાનિકોએ પકડવા માટે માંગ કરેલ છે.

આ ઘટના અંગે સ્થાનિક રેન્જ ફોરેસ્ટ ઓફિસર એન. બી. રોજાસરાને જાણ થતા તેઓ ટીમ સાથે ગ્રાઉન્ડ ઉપર પહોચી ગયા હતા. દિપડાના હૂમલા ની ઘટનાને સમર્થન આપતા જણાવ્યું કે વહેલી સવારે નજીકમાં રહેલા સ્ત્રોત માંથી પાણી પી ને દિપડો ઘાસ ની વચ્ચે હશે અને ખેડૂત ઘાસ વાઢવા જતા અચાનક માનવ આવી જતા આ ઘટના બનેલ હોવાની સંભાવના વ્યક્ત કરી હુમલાખોર દિપડાને બે પાંજરા મૂકી પકડવા કવાયત હાથ ધરી હોવાનું જણાવ્યું હતું.

પંથકમાં દિપડાનો માનવ ઉપર હૂમલાનો પ્રથમ વાર બનાવ બનતા આસપાસના પંથકમાં સીમ વિસ્તારમાં રહેતા ખેડૂતો અને પશુપાલકોમાં હાલ ભય અને ફફડાટનો માહોલ છવાયેલ છે.

# જેતપુરમાં વિદેશી દારૂનું વેચાણ કરતો બોરડી સમઢીયાળાનો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જેતપુર**

તાલુકા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ચાંપરાજપુર ગામની સીમમાં દરોડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે ઘટનાસ્થળેથી ૩૮૪ બોટલ દારૂ અને બાઈક મળી કુલ રૂ. ૯૨,૬૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

હેડ કોન્સ્ટેબલ અજીતભાઈ ગંભીર અને તેમની ટીમ તા. ૩૦/૧૧/૨૦૨૫ ના રોજ રાત્રે પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે, ચાંપરાજપુરથી જીથુડી હનુમાન મંદિર જવાના રસ્તે, કેનાલ કાંઠે બાવળની કાંટમાં એક શખ્સ વિદેશી દારૂનો જથ્થો છુપાવીને વેચાણ કરી રહ્યો છે. ઘટનાસ્થળેથી કુલદીપ ઉર્ફે કેતન મનુભાઈ મોયા (રહે. બોર્ડી સમઢીયાળા, તા. જેતપુર) શંક સ્વસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે ત લ ા શી લેતા તેની પાસેથી અને બાવળની ઝાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 'ડિસ્કાઉન્ટ પ્રીમિયમ વ્હીસ્કી(ચંડીગઢ ઓન્લી) બ્રાન્ડની ૧૮૦ એમ.એલ. ની કુલ ૩૮૪ બોટલ (કિંમત રૂ. ૫૭,૬૦૦) મળી આવી હતી. પોલીસે આરોપી કુલદીપ પાસેથી દારૂના જથ્થા ઉપરાંત હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ હિરો સ્પ્લેન્ડર બાઈક (રજી. નં. -૧૪--૫૧૬૧, કિંમત રૂ. ૩૫,૦૦૦) પણ કબજે કર્યું હતું. આમ, પોલીસે કુલ રૂ. ૯૨,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા આરોપીએ કબૂલાત કરી હતી કે આ દારૂનો જથ્થો તે જૂનાગઢ જિલ્લાના બીલખા ખાતે રહેતા જેનીશ નામના શખ્સ પાસેથી લાવ્યો હતો. જેથી પોલીસે મુખ્ય આરોપી કુલદીપની અટકાયત કરી પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી, દારૂ સપ્લાય કરનાર વોન્ટેડ આરોપી જેનીશને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.


# વોટ્સએપ, ટેલિગ્રામ, સ્નેપચેટ જેવી એપમાંથી મોબાઇલ ધારક છ-છ કલાકે લોગઆઉટ થઇ જશે

વોટ્સએપ જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર ભારતમાં ૫૦૦ મિલિયનથી વધુ યુઝર્સ છે. આ એપ્લિકેશનનો ઉપયોગ જેટલો વધુ એટલા જ એના પર સ્કેમ પર વધુ થાય છે. આથી આ ગેરફાયદાને અટકાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલાક નિયમ બનાવવામાં આવ્યાં છે. આ નવા નિયમ હેઠળ વોટ્સએપ દ્વારા નિયમનું પાલન કરવું ફરજિયાત બની ગયું છે. આ નિયમ હેઠળ વોટ્સએપ વેબ પરથી દર છ કલાકમાં યુઝર ઓટોમેટિક લોગઆઉટ થઈ જશે અને ફરીથી લોગઇન કરવું પડશે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા નવો નિયમ જાહેર કરવામાં આવ્યો છે જેમાં કોઈ પણ ડિવાઇસ રજિસ્ટર્ડ સિમ કાર્ડ વગર એપ્લિકેશનને એક્સેસ નહીં કરી શકે. વોટ્સએપ, સિગ્નલ અને ટેલિગ્રામ જેવી એપ્લિકેશન વોટ્સએપ વેબનો વિકલ્પ પણ આપે છે. આથી આ નિયમની અસર એ સર્વિસ પર પણ પડી છે. આ નિયમને કારણે વોટ્સએપ વેબ જેવી સર્વિસ હવે દર છ કલાકે યુઝરને ઓટોમેટિક લોગ આઉટ કરી દેશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# અહો આશ્ચર્યમ...

## મીરા ઉદ્યોગનગરમાં અંદાજે ૧૨ લાખના દાગીનાની ચોરી: થોરાળા પોલીસે આજદિન સુધી ફરીયાદ ન નોંધતા અનેક તર્કવિર્તક...?



**શાકભાજીના ધંધાર્થી પરિવારની મરણ મૂડી તસ્કરો ઉઠાવી ગયા પરંતુ પોલીસે કોઇ કાર્યવાહી નહીં કરતા પરિવારની હાલત કફોડી બની**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામાકાંઠે થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ-જુગારના હાટડા ધમધમી રહ્યા હોવાની અને આ બદી દૂર કરવા આ વિસ્તારના લોકોએ અનેકવાર રજૂઆત કરવા છતાં થોરાળા પોલીસ દારૂ-જુગારના હાટડા બંધ કરાવવામાં નિષ્ફળ રહી છે. ત્યારે ચોરીના બનાવના ભેદ ઉકેલવામાં પણ નિષ્ફળતા મળશે તેવું જણાતા થોરાળા પોલીસે ત્રણ મહિના પહેલા મીરા ઉદ્યોગ વિસ્તારમાં થયેલી અંદાજે ૧૨ લાખના દાગીનાની ચોરીની ફરીયાદ આજદિન સુધી પોલીસ ચોપડે નહીં નોંધતા અનેક તર્કવિર્તકો સામે આવી રહ્યા છે.

બીજી બાજુ શહેરના કોઇપણ વિસ્તારમાં રૂ.૨.૫૦ લાખની ચોરીનો બનાવ બન્યો હોય આવા કેસમાં થાણા ઇન્ચાજએ ઉચ્ચ અધિકારીને જાણ કરવાની હોઇ પરંતુ આ રૂ.૧૨ લાખની ચોરીના બનાવમાં થોરાળા પોલીસે ઉચ્ચ અધિકારીઓને પણ જાણ નહીં કરી અંધારામાં રાખ્યા હોવાનું સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

આ બનાવની હકિકત એવી છે કે, શહેરની ભાગોળે ગોંડલ ચોકડીથી આજીડેમ ચોકડીના બાયપાસ રોડ પર આવેલ મીરા ઉદ્યોગનગર શેરી નં.૫માં મેલડી માતાના મંદિર પાસે રહેતા અને કોઠારીયા રોડ પર હુડકો પોલીસ ચોકી પાસે

### ૨.૫ લાખથી વધુની ચોરી થઇ હોય તો થાણા ઇન્ચાર્જે ઉચ્ચ અધિકારીઓને જાણ કરવાની હોય પરંતુ થોરાળા પોલીસે ઉચ્ચ અધિકારીઓને પણ અંધારામાં રાખ્યા

શાકમાર્કેટમાં વેપાર કરતા મકવાણા લલીતભાઇ હરેશભાઇએ મુખ્ય સમાચારની ટીમને સંપૂર્ણ વિગત જણાવતા કહ્યું હતું કે, ગઇ તા.૨૦-૮-૨૦૨૫ના બુધવાર હોય અને કોઠારીયા રોડ પર હુડકો શાકમાર્કેટ પાસે બુધવારી બજાર ભરાતી હોય જેથી લલીતભાઇ તથા તેના ભાઇ અને તેના પરિવારના બાળકો સાથે સવારથી ટીફીન બનાવી વેપાર ધંધા પર ગયા હતા અને તેઓની માતાને આંખમાં ફુલુ થયુ હોય જેની સારવાર માટે માતાને હોસ્પિટલમાં દાખલ કર્યા હોય જેથી તેના પિતા હરેશભાઇ હોસ્પિટલમાં સાથે હતા અને પત્નીની સારવાર કરાવી રહ્યા હતા. આખો દિવસ બંધ રહેલ મકાનને તસ્કરોએ નિશાન બનાવી પરિવારની મરણમુડી સમાન અંદાજે રૂ.૧૨ લાખના સોના-ચાંદીના દાગીના જેમાં સોનાનો ૮ તોલાનો હાર, ૧.૨૫ ગ્રામની હાસડી, પાંચ તોલાના બુટીયા, ચાંદીના ૫૦૦ ગ્રામના સાકડા, બીજા ૧૫૦ ગ્રામના સાકડા, ત્રીજા ૧૦૦ ગ્રામના સાકડા, એક ચાંદીની લક્કી મોટી, એક ચાંદીની નાની લક્કી, ચાર વીટી સહિતનો મુદ્દામાલ તસ્કરો ઉડસેલી રહ્યા હતા. આ ઘટના પરિવાર વેપાર ધંધા પરથી રાત્રે ૯ વાગ્યે ઘરે આવ્યા ત્યારે જાણ થઇ હતી અને લલીતભાઇ મકવાણાએ તાત્કાલીક તેના પિતાને ફોન કરી જણાવ્યું હતું કે, આપણા ઘરમાં ચોરી થઇ છે અને તમામ સોના-ચાંદીના દાગીના ચોરાઇ ગયા છે. ત્યારે પિતાએ પોલીસને જાણ કરવાનું કહેતા લલીતભાઇએ તા.૨૦-૮-૨૦૨૫ને બુધવારના રાત્રીના ૯:૩૪ મીનીટે શહેર પોલીસ કંટ્રોલરૂમના ૧૦૦ નંબર પર ફોન કરી ચોરી અંગે પોલીસને માહિતગાર કર્યા હતા.

આ ઘટના બાદ પ્રથમ પોલીસની પીસીઆર વાન આવી હતી અને ત્યારબાદ થોરાળા પોલીસનો પોલીસ સ્ટાફ આવ્યો હતો અને પ્રાથમીક તપાસ કરી હતી. ત્યારબાદ લલીતભાઇના પરિવારને પોલીસ સ્ટેશન આવવાનું જણાવ્યું હતું. લલીતભાઇ બીજા દિવસે પોલીસ સ્ટેશને ગયા ત્યારે તેઓના ઘરમાંથી શું-શું ચોરી થયું તે અંગે પોલીસે માત્ર ચાકા કાગળ પર નોંધ કરી નામઠામ અને પરિવારની વિગત લખી હતી. પરંતુ પાક્કિ ફરીયાદ કરી ન હોવાનું લલીતભાઇએ મુખ્ય સમાચારની ટીમને વર્ણવ્યું હતું. ચોરીની ઘટનામાં ૨.૫૦ લાખથી વધુની ચોરી હોય તેવા કેસમાં થાણા ઇન્ચાર્જે ઉચ્ચ અધિકારીને જાણ કરવાની હોય અને ડોગ સ્કોવડ તથા ફીંગરપ્રીન્ટ નિષ્ણાંતોની મદદ લઇ બનાવનો ભેદ ઉકેલવાની કાર્યવાહી કરવામાં આવતી હોય છે. પરંતુ આ અંદાજે ૧૨ લાખીથી વધુના દાગીના અને રોકડની ચોરીના બનાવમાં થોરાળા પોલીસે ઉચ્ચ અધિકારીઓને અંધારામાં રાખી જાણ ન કરી હોવાનું સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

## કુવાડવા રોડ પર ગેલોપ્સ મોટર્સના કેશીયરે કરી રૂ.૧૦ લાખની છેતરપીંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઇવે પર માલીયાસણ ગામ પાસે આવેલ ગેલોપ્સ મોટર પ્રા. લીમીટેડ કંપનીના કેશીયરે રૂ.૧૦ લાખની ઉચાપત કરતા કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ પર ન્યુ કોલેજવાડીમાં રહેતા અને રાજકોટ-અમદાવાદ હાઇવે પર આવેલ માલીયાસણ ગામ પાસે ગેલોપ્સ મોટર્સ પ્રા. લીમીટેડ કંપનીમાં નોકરી કરતા રાજદિપસિંહ ગંભીરસિંહ ચુડાસમાએ કંપનીમાં કેસીયર તરીકે નોકરી કરતા ગીરીશ કિશોર જારીયા (રહે.૧૭ લક્ષ્મીવાડી, મીલપરા મેઇન રોડ) વિરૂધ્ધ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે કે, ઉપરોક્ત શખ્સ કંપનીમાં કેસીયર તરીકે ફરજ બજાવતો હોય કંપનીની જુની નવી ગાડીઓનું વેચાણનું પેમેન્ટ સ્વીકારવાનું કામ કરતો હોય અને આ રકમ બેંક એકાઉન્ટમાં જમા કરાવવાની જવાબદારી તેના પર હોય આ શખ્સે કંપનીના ખાતામાં રૂ.૧૩ લાખ જમા કરાવવાના બદલે પોતાના અંગત વપરાશમાં વાપરી નાખ્યા હોય જે માલુમ પડતા આ શખ્સે ત્રણ લાખ રૂપિયા જમા કરાવી બાકીના રૂપિયા ૧૦ લાખ કંપનીમાં જમા નહીં કરાવી છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરતા ફરીયાદ નોંધાઇ છે. બનાવના પગલે પીએસઆઇ બી.વી.ભગોરાએ ગુન્હો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## ગોંડલ અને શાપર-વેરાવળમાં જુગાર રમતી ૧૧ મહિલા સહિત ૧૪ પત્તાપ્રેમી ઝડપાયા

### ગ્રામ્ય એલસીબી અને શાપર પોલીસે રૂ.૨.૫૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના ભોજરાજપરાના કુંભારવાડા વિસ્તાર અને શાપર-વેરાવળમાં સ્થાનિક અને ગ્રામ્ય એલસીબી પોલીસે અલગ-અલગ બે દરોડા પાડી જુગાર રમતી ૧૧ મહિલા સહિત ૧૪ પત્તાપ્રેમીઓને દબોચી લઇ રૂ.૨.૫૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પ્રથમ દરોડામાં ગ્રામ્ય એલસીબીની ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ તથા આર.બી.ભીમાણી સહિતના સ્ટાફે ગોંડલના ભોજરાજપરા, કુંભારવાડામાં મામાદેવના મંદિર પાસે રહેતી ઇંદુ જેન્તી માલકીયાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા ૩ પત્તીનો જુગાર રમતી ઇંદુ જેન્તી માલકીયા, વિલાશ ભીખા ભટ્ટી, ભાવના મગન વોરા (રહે. રાજકોટ, અટીકા ફાટક પાસે, શ્રધ્ધા સોસાયટી), દક્ષા ઉર્ફે દ્રષ્ટી હિરેન કિલજી, રવજી ઉર્ફે ભગત મેરા ઢીલા (રહે.પરવાડા, જી.ભાવનગર), સલીમ હાસમ બુકેરા (રહે.ગારીયાધાર, જી.ભાવનગર), અશોક ઉર્ફે મેમાન ગોંવિદ છાસાણી સહિત ૭ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૧.૭૨ લાખ તથા મોબાઇલ સહિત કુલ રૂ.૧.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે બીજા દરોડામાં શાપર-વેરાવળ પોલીસ મથકના પીઆઇ આર.બી.રાણાની સુચનાથી હેડ કોન્સ. જગશીભાઇ, દિનેશભાઇ, લગધીરસિંહ સહિતના સ્ટાફે વેરાવળ ગામમાં દર્શન પાર્ક પાસે જાહેરમાં જુગાર રમતી નયના રમેશ ગોહેલ (રહે. રાજકોટ જાનકી એપાર્ટમેન્ટની પાછળ ગુરૂદેવ પાર્ક), જયા પરસોતમ ફળદુ, શ્રધ્ધા અમીત જોશી (રહે.કોઠારીયા મેઇન રોડ, મણિનગર રાજકોટ), રેખા લલીત કુંડારીયા, રૂપા કાના આજકીયા, સરોજ સુરેશ રાવલ અને વેકરી ગામનો મયુરસિંહ રામદેવસિંહ ચુડાસમા સહિત સાત પત્તાપ્રેમીઓની ધરપકડ કરી રોકડા રૂ.૨૨૪૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## ચેક રીર્ટન કેસમાં આઠ મહિનાથી નાસતો ફરતો શખ્સ ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નાસતાફરતા આરોપીઓને શોધવા અંગે ડીસીપી ઝોન-૨ના પીએસઆઇ આર.એચ.ઝાલાની સુચનાથી હેડ કોન્સ. ધર્મેન્દ્રસિંહ, અનીલભાઇ, અમીનભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પ્રેટ્રોલિંગમાં હતા ત્યારે ચેક રીર્ટનના કેસમાં કોર્ટે સજાનું વોરંટ ઇસ્યુ કર્યુ હોય અને છેલ્લા આઠ મહિનાથી નાસ્તોફરતો મહેશ વિશા સવસડીયા (રહે.જલારામ સોસાયટી, મવડી ચોકડી)ની અટકાયત કરી કોર્ટ હવાલે કર્યો હતો.

## શાપર-વેરાવળમાં એક્ટિવાની ઉઠાંતરી કરનાર તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર-વેરાવળના ઇન્ડ્ટ્રીયલ વિસ્તારમાં વાહન ચોરીના બનાવોનું પ્રમાણ વધતા પીઆઇ આર.બી.રાણાની સુચનાથી હેડ કોન્સ.જગશીભાઇ, પ્રતિપાલસિંહ, દિનેશભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે લોધીકા તાલુકાના મોટી મેગણી ગામનો બહાદુર ઉકા શીંગલ નામનો શખ્સ સફેદ એક્ટિવા નંબર જીજે૩જેબીપ૨૪૫ લઇને નીકળતા



પોલીસે તેને અટકાવી ચેક કરતા એક્ટિવા શાપરમાંથી ચોરી થયું હોવાનું માલુમ પડતા પોલીસે એક્ટિવા કબ્જે લઇ શખ્સની ધરપકડ કરી છે.

## જેતપુરનો નામચીન શખ્સ પાસામાં મહેસાણા જેલમાં ધકેલાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુર શહેર તથા આસપાસના વિસ્તારોમાં અવારને અવાર મારામા-રી કરી જાહેર સુલેશાંતિનો ભંગ કરી લોકોમાં ભયનો માહોલ ઉભો કરનાર અને અગાઉ અપહરણ, લુંટ, હત્યા જેવા ગંભીર ગુન્હા કરવાની ટેવ ધરાવતી ટોળકીનો મુખ્ય સાગરીત સાહિલ કાસમ લાખા (રહે. જેતપુર જુનાગઢ રોડ) નામના નામચીન શખ્સને પોલીસે અટકાયતમાં લઇ તેના પાસાના કાગળો તૈયાર કરી કલેકટર કચેરીએ મોકલાવતા અને તેના પર જીલ્લા મેજીસ્ટ્રેટ એ પાસાનું વોરંટ ઇસ્યુ કરતા પોલીસે આ નામચીન સાહિલ લાખાને મહેસાણા જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યો છે.

## મારવાડી યુનિવર્સિટીના વિદ્યાર્થીનો ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત

### મૂળ હૈદરાબાદના ખેડૂત પરિવારનો ૧૯ વર્ષીય યુવક રાજકોટમાં રહી કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરતો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરતા મૂળ હૈદરાબાદના ખેડૂત પરિવારના ૧૯ વર્ષીય વિદ્યાર્થીએ હોસ્ટેલથી નીકળીને ૨૦ મિનિટમાં જ સોખડા ગામ પાસે રેલવે ટ્રેક ઉપર પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. બનાવને લઈને સાથી વિદ્યાર્થીઓ અને રૂમમેટમાં શોક છ્વાઈ જવા પામ્યો હતો

આ અંગની વિગતો મુજબ, નવા માર્કેટિંગ યાર્ડ નજીક રેડ રોઝ હોટેલની રોઝ હોટેલની પાછળની બાજુએ આવેલ આર.સી.ટી



એપાર્ટમેન્ટમાં હોસ્ટેલમાં રહેતો ૧૯ વર્ષીય ગુનુસાંઈ વર્ધન રેડ્ડી નામનો યુવક રવિવારે સાંજના ૫.૩૦ વાગ્યા આસપાસ હોસ્ટેલથી નીકળી જઈને બેડીથી સોખડા વચ્ચે આવલા રેલવે બ્રિજ પાસે ટ્રેન હેઠળ પડતું મૂકીને આપઘાત કરી લીધો હતી. બનાવે અંગે પ્રથમ બી ડિવિઝન પોલીસને જાણ થતાં હેડ કોન્સ્ટેબલ યોગેશભાઈ મકવાણા સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી જઈને યુવકના મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રથમ તો પોલીસને યુવકની ઓળખ થઈ ન હતી જે બાદ તેના ખિસ્સામાંથી મળી આવેલા ડોક્યુમેન્ટના આધારે અહીં રાજકોટ જ રહેતા તેમના ગામના બે મિત્રોનો સંપર્ક કરી યુવકની ઓળખ થઈ હતી. તપાસમાં સામે આવ્યું હતું કે, મૃતક યુવક મારવાડી યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સાયન્સના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. અને તે મૂળ આંધ્રપ્રદેશના હૈદરાબાદનો વતની છે. તેના પિતાએ વતનમાં ખેતી કામ કરે છે. જ્યારે યુવક એક ભાઈ એક બહેનમાં નાનો હતો. પોલીસે મૃતદેહનું પીએમ કરાવીને વતનમાં રહેતા તેના પરિવારની મંજૂરી લઈને મૃતદેહને તેના બે મિત્ર સાથે વતન મોકલી આપ્યો હતો. ઘટના બાબતે યુવકે ક્યાં કારણસર આ પગલું ભર્યું તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## રાજકોટના પૂર્વ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ તથા ડાયરેક્ટર મનોજ શશીધરને મળ્યું ડીજીપીનું પ્રમોશન

### અન્ય ચાર આઈપીએસ ઓફિસર દીપેન ભદ્રન, સૌરભ તોલમ્બિયા, દિવ્યા મિશ્રા અને પી. વી. રાઠોડને આઈજી તરીકે બઢતી મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા બે સિનિયર આઈપીએસ ઓફિસર એડિશનલ ડી.જી. રાજકોટના પૂર્વ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને રાજકોટ શહેરના જ એક સમયના ડીસીપી રહી ચૂકેલા હાલ સીબીઆઈ ડાયરેક્ટર મનોજ શશીધરને પ્રમોશન આપીને ડીજીપી બનાવાયા છે.

જ્યારે ૨૦૦૭ની મેચના અન્ય છ આઈપીએસ ઓફિસર સૌરભ તોલંબીયા, દીપેન ભદ્રન, દિવ્યા મિશ્રા અને પી.વી.રાઠોડ ને તરીકે





ભરતી આપવામાં આવી છે. સાથોસાથ હૈદરાબાદ ટ્રેનિગ પૂર્ણ કરીને પોસ્ટિંગમાં હાજર થયેલા નવ નિયુક્ત નવ આઈપીએસ ઓફિસરને પ્રોબેશન પિરિયડમાં રાજકોટ, સુરેન્દ્રનગર, કચ્છ, ભાવનગર સહિતના છ જિલ્લામાં એએસપી તરીકે મૂકવામાં આવ્યા છે.

હવે નજીકના સમયમાં ગુજરાતના વર્તમાન ડીજીપી વિકાસ સહાયનો છ મહિનાનો એક્સટેન્શનનો પિરિયડ પૂર્ણ થઈ રહ્યો હોય એ દરમિયાન બે સિનિયર એડિશનલ ડીજીને ડીજીપીના પ્રમોશન આપવામાં આવ્યા છે. ફરી વધું એક વખત એસ્ટેંશન અપાશે? કે નવા ડીજીપી આવશે? એ બાબતે ઉચ્ચ પોલીસ અધિકારીઓથી લઈ પોલીસ વર્તળોમાં ચર્ચાનો દોર ચાલી રહ્યો છે.

## માલવીયાનગર પોલીસ દ્વારા વ્યાજખોરોને નાથવા લોન મેળાનું કર્યું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશન દ્વારા વ્યાજખોરોના ત્રાસથી બચવા માટે રાહત દરે લોન-ધિરાણ મળી રહે તે હેતુથી એક વિશેષ લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ અને પ્રજા વચ્ચે સુમેળ જળવાય રહે તે માટે ત્રણ વાત તમારી તથા ત્રણ વાત અમારી કાર્યક્રમ પણ આ લોન મેળા સાથે સંકલિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપરાંત સામાજીક આગેવાનો રાજુભાઈ ડાભી, મંગલભાઈ મુછડીયા, ભુપતભાઈ ભટ્ટ તથા ઉજીવન બેંક-મવડી રોડના બ્રાંચ મેનેજર શરદભાઈ ભટ્ટ પણ

ઉપસ્થિત રહ્યા હતા.આ લોન મેળામા ૨૫ થી વધારે લોકો હાજર રહેલ અને લોન મેળાનો લાભ લીધેલ હતો. જેમા કુલ ૩૦ લાભાર્થીઓને યોજનાકીય માહીતી આપેલ તેમજ ૦૭ લોકો અલગલગ પ્રકારની



રૂ.૪,૫૦,૦૦૦/- ની લોન મંજુર કરાવવા માટેની કાર્યવાહી કરવામા આવેલ છે તેમજ ૧૫ થી વધુ લોકો ને સ્વસહાય જુથ ની માહીતી આપેલ છે તેમજ ૨૫ લોકો ને સ્વ રોજગારી લોન ની માહીતી આપવામાં આવી હતી.આ અંગે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી રાકેશ દેસાઈ, એસીપી બી. જે. ચોધરીની સુચના અંતર્ગત પીઆઈ જે. આર. દેસાઈ, પીએસઆઈ એમ.જે.ધાધલ અને ટીમે કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## સામાકાંઠે બે વેપારીએ પાલીસ કરવા આપેલી ૨૩ લાખની ચાંદી લઈને બંગાળી કારીગર રફુચક્કર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી ગામ પાસે આલાપ રોય એ-૬૩માં રહેતા અને કુવાડવા રોડ ડી-માર્ટ સામે હિમાલીયા રેફ્રીઝરેશન પાસે આદીયોગી સિલ્વર નામે કારખાનું ધરાવતા દર્શી લભાઈ કિરીટભાઈ વોરા (ઉં.વ.૩૦) દ્વારા બીડીવીઝન પોલીસ મથકમાં આરોપી તરીકે રેજાઉલ રૈયજુદીન શેખ ( રહે. પશ્ચિમ બંગાળ) વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તા.૨૦/૧૧ના બપોરના આશરે એક વાગ્યાની આસપાસ તેના કારખાનેથી રેજાઉલ રૈયજુદીન શેખ નામનો વ્યક્તિ ચાંદી પોલીસકામ માટે લઈ ગયો હતો. આ શખસ છેલ્લા છ મહિનાથી કારખાનેથી ચાંદીકામ પોલીસકામ માટે લઈ જઈ સમયસર પરત કરી આપતો હતો, પરંતુ ગત ૨૦મીએ લઇ ગયેલ ૯.૭૦૦ કિલોગ્રામ ચાંદી (ટચ) જેનું શુદ્ધ ચાંદી ૭.૯૦૦ કિલોગ્રામ ગણાય (કિંમત૧૨.૫૩ લાખ) જે રેજાઉલ પોલીસકામ કરવા માટે લઈ ગયા બાદ પણ ત્રણ દિવસ વીતી જવા છ્તાં પરત ન કરતા દર્શિલભાઈ તેના ઘરે ગયા હતા પણ અહીં તાળું જોવા મળ્યું હતું. આ અંગે દર્શીલભાઈએ વેપારી મંડળમાં જાણ કરતા જાણવા મળ્યું કે, ૨૦મીએ અન્ય એક વેપારી જેમીનભાઈ વિનોદભાઈ સોરઠીયાનું પણ ૧૧ લાખનું ચાંદી પોલીસકામ માટે લઇ ગયા બાદ આ રેજાઉલ નાશી છૂટ્યો હતો. આ મામલે વેપારીની ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. સૂત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ આ આરોપીએ અન્ય બીજા બે વેપારીનું પણ લાખો રૂપિયાનું ચાંદી લઈ ભાગી ગયો હોય ત્યારે અંગે તેઓ પણ ટૂંક સમયમાં ફરિયાદ નોંધાવી શકે છે.

## એઈમ્સ પાસે કૂતરું આડું ઉતરતા બાઇક સ્લિપ થતાં યુવકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર એઈમ્સના ગેઇટ પાસે કૂતરું આડુ ઊતરતા બાઈક સ્લીપ થયું હતું. આ ઘટનામાં ગંભીર ઈજાગ્રસ્ત થયેલ ૨૭ વર્ષીય યુવકનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં કલ્પાંત છ્વાઈ જવા પામ્યો હતો. આ અંગેની વિગતો મુજબ, રૈયારોડ નહેરૂનગર-૩માં રહેતો અજમત ઉલ્લાખાન એઝાઝહુશેન શેખ (ઉ.વ.૨૭) નામનો યુવક કે જે રાજકોટ એઈમ્સ ડિરેક્ટરની ઓફિસમાં નોકરી કરે છે. તે ગત તારીખ ૨૮/૧૧ના સાંજના સમયે એઈમ્સથી બાઈક લઈને ઘર તરફ આવી રહ્યો હોય ત્યારે ગેઈટ પાસે જ કૂતરું આડું ઉતરતા બાઈક સ્લીપ થયું હતું. આ ઘટનામાં અજમત ઉલ્લાખાનને શરીરે અને માથે ગંભીર ઈજા પહોંચતા તેને સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં રવિવારે મોડી રાત્રિના દમ તોડી દીધો હતો. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકના સ્ટાફે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી મૃતક મૂળ રાજસ્થાનના વતની હતો અને છેલ્લા કેટલાક સમયથી એઈમ્સમાં નોકરી કરતો હતો યુવકના મોતને લઈને સ્ટાફ અને પરિવારજનોમાં શોક છ્વાઈ જવા પામ્યો છે.